dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 227 | AD - 2025, Vaishakh Vad - 10 | Thursday, Dt.22-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કોર્ટ દ્વારા કોંગ્રેસના અનેક નેતાઓને નોટિસ ફટકારવામાં આવી

# નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગમાં સોનિયા-રાહુલે રૂા. ૧૪૨ કરોડની આવક મેળવી : ઈડી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૧

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ૧૪૨ કરોડ રૂપિયાની ગુનાહિત આવકનો કથિત રીતે લાભ મેળવ્યો છે, એમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે. ઈડીના ખાસ વકીલ ઝોહેબ હુસૈને દલીલ કરી હતી કે ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેળવેલી કોઈપણ મિલકત ગુનાની આવક તરીકે લાયક ઠરે છે. આમાં ફક્ત સુનિશ્ચિત ગુનાઓમાંથી મળેલી મિલકતોનો જ સમાવેશ થતો નથી, પરંતુ તે મિલકતો સાથે જોડાયેલી આવકનો પણ સમાવેશ થાય છે.

ઈડીના ખાસ ફરિયાદી ઝોહેબ હુસૈને દાવો કર્યો હતો કે આરોપીઓને મળેલી ૧૪૨ કરોડ રૂપિયાની ભાડાની આવકને ગુનાની આવક તરીકે ગણવી જોઈએ. તેમણે કહ્યું કે સોનિયા અને રાહુલ ગાંધી, જેમની પાસે યંગ ઈન્ડિયનમાં સામૂહિક રીતે ૭૬% હિસ્સો છે, તેઓ વિશ્વાસઘાતમાં સામેલ હતા. ઈડી અનુસાર, યંગ ઈન્ડિયને એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ પાસેથી માત્ર ૫૦ લાખ રૂપિયામાં ૯૦.૨૫ કરોડ રૂપિયાની સંપત્તિ ખરીદી હતી.



ગયા મહિને દાખલ કરાયેલી ચાર્જશીટમાં, ઈડીએ સોનિયા, રાહુલ અને અન્ય ઘણા લોકો પર ૯૮૮ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની અનેક કલમો હેઠળ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ બનાવવામાં આવ્યા છે, જ્યારે તેમના પુત્ર રાહુલ ગાંધી, જે લોકસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે, તેમને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. તેની ચાર્જશીટમાં, કેન્દ્રીય એજન્સીએ તેના આરોપોને સાબિત કરવા માટે આવકવેરા વિભાગના ૨૦૧૭ ના આકારણી આદેશ પર આધાર રાખ્યો છે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના અગ્રણી સભ્યોએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ અને યંગ ઈન્ડિયનના મુખ્ય અધિકારીઓ સાથે મળીને એજેએલની મિલકતો પર નિયંત્રણ મેળવવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું, જેની કિંમત આશરે રૂ. ૨,૦૦૦ કરોડ હોવાનું માનવામાં આવે છે. નોંધનીય છે કે એજેએલ એક અનલિસ્ટેડ પબ્લિક કંપની છે, જે ઐતિહાસિક રીતે નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશન સાથે સંકળાયેલી છે. કોર્ટે કહ્યું, સુબ્રમણ્યમ સ્વામી, જેઓ આ કેસ સંબંધિત કાર્યવાહીમાં મુખ્ય ફરિયાદી છે, તેમણે તેમની હાજરીનો ઉલ્લેખ કર્યો છે અને જણાવ્યું છે કે હાલની ફરિયાદ અને દસ્તાવેજોની નકલ પૂરી પાડવા માટે તેમના દ્વારા અરજી દાખલ કરવામાં આવશે. કોર્ટે મહિનાની શરૂઆતમાં જ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નોટિસ ફટકારી દીધી હતી. આ સાથે, કોંગ્રેસના નેતાઓ સેમ પિત્રોડા અને સુમન દુબે, યંગ ઈન્ડિયન, ડોટેક્સ મર્ચેન્ડાઈઝ પ્રાઈવેટ લિમિટેડ અને સુનીલ ભંડારીને પણ નોટિસ ફટકારવામાં આવી હતી.

# સોશિયલ મીડિયાના માધ્યમથી રાષ્ટ્રવિરોધી માહિતીની આપ-લે કરી હોવાની યુટ્યુબર જયોતિ મલ્હોત્રાની કબૂલાત

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૧

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરાયેલી યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની કબૂલાતથી સ્પષ્ટ થઈ ગયું છે કે તે પાકિસ્તાનના નિર્દેશો પર કામ કરી રહી હતી. જ્યોતિ પાકિસ્તાન હાઈ કમિશનના અધિકારી દાનિશના સતત સંપર્કમાં હતી. જ્યોતિ મલ્હોત્રાએ પોલીસ અને તપાસ એજન્સીઓને આપેલા પોતાના નિવેદનમાં જે કહ્યું તે જાણીને તમને પણ આઘાત લાગશે. હકીકતમાં, જ્યોતિ મલ્હોત્રાએ પોતાની કબૂલાતમાં કહ્યું હતું કે, મારી પાસે ટ્રાવેલ વિથ-જો નામની યુટ્યુબ ચેનલ છે. મારી પાસે



પાસપોર્ટ છે. મારો પાસપોર્ટ નંબર ******** છે અને હું ૨૦૨૩ માં પાકિસ્તાન જવા માટે વિઝા મેળવવા માટે પાકિસ્તાન હાઈ કમિશન દિલ્હી ગઈ હતી. જ્યાં હું અહસાન-ઉર-રહીમ ઉર્ફે દાનિશને મળી હતી. મેં દાનિશનો મોબાઈલ નંબર લીધો હતો, પછી મેં તેની સાથે વાત કરવાનું શરૂ કર્યું હતું.

જ્યોતિએ પોતાની કબૂલાતમાં આગળ કહ્યું, દાનિશના કહેવા પર હું બે વાર પાકિસ્તાન ગઈ હતી. તેના કહેવા પર હું દાનિશના પરિચિત અલી હસનને મળી હતી. ત્યાં અલી હસને મારા રહેવા અને મુસાફરીની વ્યવસ્થા કરી હતી. પાકિસ્તાનમાં, અલી હસને પાકિસ્તાની સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓ સાથે મારી મુલાકાત ગોઠવી હતી. ત્યાં જ હું શાકિર અને રાણા શાહબાઝને પણ મળી હતી.

જ્યોતિએ આગળ કહ્યું, મેં શાકિરનો મોબાઈલ નંબર લીધો અને તેને મારા મોબાઈલમાં જાટ રંધાવા નામથી સેવ કર્યો જેથી કોઈને શંકા ન થાય. પછી હું ભારત પાછી આવી ગઈ. આ પછી, હું વોટ્સએપ, સ્નેપ ચેટ અને ટેલિગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા સતત બધા સાથે સંપર્કમાં રહી અને રાષ્ટ્રવિરોધી માહિતીની આપ-લે કરવાનું શરૂ કર્યું હતું. હું દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં ઓફિસર દાનિશને ઘણી વખત મળતી હતી.

તમને જણાવી દઈએ કે ૩૪ વર્ષીય યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની ગયા અઠવાડિયે હિસાર પોલીસે ન્યૂ અગ્રસેન કોલોનીમાંથી ધરપકડ કરી હતી. તેમના પર પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે સંવેદનશીલ માહિતી શેર કરવાનો અને ભારત વિરોધી કથાને પ્રોત્સાહન આપવાનો આરોપ છે.

# યુએનમાં આતંકવાદ અને દરિયાઈ સુરક્ષાના મુદ્દા પર ભારતે ગર્જના કરી

નવીદિલ્હી, તા.૨૧

ભારતે સંયુક્ત રાષ્ટ્ર ખાતે રાષ્ટ્રીય સુરક્ષા માટે દરિયાઈ અને આતંકવાદ વિરોધી વ્યૂહરચનાને સૌથી મહત્વપૂર્ણ ગણાવી છે. આતંકવાદ અને દરિયાઈ સુરક્ષાના મુદ્દા પર પણ ભારતે આખી દુનિયાને અરીસો બતાવ્યો છે. આતંકવાદ સામે અને દરિયાઈ સુરક્ષાના પક્ષમાં ભારતની ગર્જનાએ દુશ્મન દેશોને પણ તણાવમાં મૂકી દીધા છે.

ભારતે યુએન સુરક્ષા પરિષદને જણાવ્યું હતું કે તે દરિયાઈ સુરક્ષા અને આતંકવાદ વિરોધી કાર્યવાહીને તેની રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક હિતો માટે મહત્વપૂર્ણ માને છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી





પ્રતિનિધિ, રાજદૂત પર્વતાનેની હરીશે જણાવ્યું હતું કે ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ઉભરતા જોખમો અને ભૂ-રાજકીય ફેરફારોને ધ્યાનમાં રાખીને ભારત તેની વ્યૂહરચના સતત મજબૂત બનાવી રહ્યું છે.

સુરક્ષા પરિષદમાં 'વૈશ્વિક સ્થિરતા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવવી' વિષય પર ઉચ્ચ સ્તરીય ખુલ્લી ચર્ચાને રાજદૂત હરીશે સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું, ભારત પાસે લાંબો દરિયાકિનારો છે અને તે દરિયાઈ મુસાફરી અને મજબૂત નૌકાદળ ક્ષમતાઓ ધરાવતો દેશ છે. તેથી, ભારત એક જવાબદાર દરિયાઈ શક્તિ તરીકે તેના હિતોનું રક્ષણ કરવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે.

રાજદૂત હરીશે જણાવ્યું હતું કે ભારતની દરિયાઈ વ્યૂહરચના મજબૂત સંરક્ષણ ક્ષમતાઓ, પ્રાદેશિક રાજદ્વારી, આંતરરાષ્ટ્રીય સહયોગ અને સ્થાનિક માળખાગત વિકાસના સંતુલન પર આધારિત છે. આ પ્રસંગે, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, બધા દેશોએ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદાઓનું પાલન કરવું જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે ચાંચિયાગીરી, દાણચોરી, સંગઠિત ગુના અને આતંકવાદ જેવા જોખમો વૈશ્વિક શાંતિ, વેપાર અને આર્થિક સ્થિરતા માટે ગંભીર પડકારો ઉભા કરે છે. સુરક્ષા પરિષદ આનો સામનો કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે.




# છત્તીસગઢના નારાયણપુર-બીજાપુર બોર્ડર પર ૨૬ થી વધુ નક્સલીઓને ઠાર માર્તું સુરક્ષાદળ



(એચ.એસ.એલ),બીજાપુર,તા.૨૧

ભારતને નક્સલ મુક્ત બનાવવા માટે ચાલી રહેલા ઓપરેશનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ જણાવ્યું હતું કે નક્સલ પ્રભાવિત નારાયણપુર-બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૨૬ થી વધુ નક્સલવાદીઓ માર્યા ગયા છે. માહિતી અનુસાર, સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે અને આ આંકડો વધુ વધી શકે છે.

બુધવારે સવારે પોલીસે માહિતી આપી હતી કે છત્તીસગઢના નક્સલ પ્રભાવિત નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. આ એન્કાઉન્ટર જિલ્લાના અબુઝમાડ વિસ્તારમાં થઈ રહ્યું છે. નક્સલવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ નારાયણપુર, DRG દાંતેવાડા, DRG બીજાપુર અને DRG કોંડાગાંવની સંયુક્ત ટીમને નક્સલ વિરોધી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી. શોધખોળ દરમિયાન શરૂ થયેલા એન્કાઉન્ટરમાં મોટી સંખ્યામાં નક્સલીઓ માર્યા ગયા છે.

છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ કહ્યું - સુરક્ષા દળોએ ૨૬ થી વધુ નક્સલીઓને ઠાર માર્યા છે. અમારા એક સૈનિક ઘાયલ થયા છે પરંતુ તે ખતરાથી બહાર છે. અમારા એક સાથીએ ઓપરેશન દરમિયાન પોતાનો જીવ ગુમાવ્યો છે. છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી અરુણ સાવએ કહ્યું- અમારી સરકાર બન્યા પછી, બસ્તરને નક્સલમુક્ત બનાવવાનું અભિયાન સતત ચાલુ છે. અમારા સુરક્ષા દળના જવાનો આ દિશામાં સતત મજબૂત રીતે કામ કરી રહ્યા છે. નારાયણપુર વિસ્તારમાં એક એન્કાઉન્ટરના સમાચાર છે જેમાં ૨ ડઝનથી વધુ નક્સલીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે.









સંજોગ ન્યૂઝ

આપણું અમરેલી



ગુરુવાર, તા. ૨૨-૦૫-૨૦૨૫

**આજે અમરેલી જિલ્લામાં યેલો એલર્ટ, ભારે પવન સાથે વરસાદની આગાહી : સતત વરસી રહેલા વરસાદને કારણે હવે રોગચાળાનો ભય**

# સાવરકુંડલા, રાજુલા, બગસરામાં જોરદાર વરસાદી ઝાપટા

રાજુલા,સા.કુંડલા,તા.૨૧

ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનું આગમન થાય તે પહેલા જ વરસાદી માહોલ છવાયો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ક્યાંક છુટોછવાયો તો ક્યાંક ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર પાંચ દિવસમાં નૈઋત્યનું ચોમાસું કેરળ પહોંચી જાય તેવી શક્યતા છે. તેની અસર ગુજરાત પર પણ જોવા મળશે. ગુજરાત પર હાલ એક સાથે બબ્બે સિસ્ટમ સક્રિય થઈ હોવાના કારણે ૨૬ મે સુધી વરસાદી માહોલ રહેશે. અમરેલી જિલ્લામાં પણ વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. જિલ્લમાં સતત બીજા દિવસો વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. સાવરકુંડલા પંથકમાં ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદનું આગમન થયું હતુ. અચાનક વાતાવરણમાં આવેલા પલટાના કારણે ઉનાળામાં ચોમાસા



તસવીર : સૌરભ દોશી

જેવો માહોલ સર્જાયો છે. ભારે પવન સાથે વરસેલા આ અનરાધાર વરસાદને કારણે જિલ્લાના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. અમરેલી તાલુકામાં સવારના સમયે જોરદાર વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલા શહેર પાણી-પાણી થઈ ગયું હતું અને વરસાદના કારણે ચેકડેમ પણ ઓવરફ્લો થયાના અહેવાલ છે. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઉનાળુ પાક અને કેરીના પાકને મોટાપાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન પણ પ્રભાવિત થયું છે. તો રાજુલામાં સવારના ૧૦ વાગ્યાની આસપાસ ધોધમાર વરસાદ વરસવાનું શરૂ થતાં કામે જઈ રહેલા સૌ કોઈને થંભી જવું પડ્યું હતું. અચાનક આવેલા આ કમોસમી વરસાદથી જનજીવન પ્રભાવિત થયું હતું. લોકોએ આશ્રય શોધવા માટે દોડાદોડ કરવી પડે તેવો માહોલ સર્જાયો હતો. બગસરામાં પણ સવારના ૧૧ વાગ્યે ઝરમર વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે લોકોને લગ્ન પ્રસંગમાં તકલીફ પડી રહી છે. વરસાદથી ખાબોચીયા ભરાઈ જતા રોગચાળો માથુ ઉંચકે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## અમરેલીના ખેડૂતો માટે બાગાયત વિભાગની વિવિધ યોજનાઓમાં સહાય

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના બાગાયત પાકોની ખેતી કરતા ખેડૂતો માટે બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ મશરુમ ઉત્પાદન, મધમાખી પાલન, પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટના સાધનો અને વિવિધ ફળ, શાકભાજી અને ઔષધીય પાકોની ખેતી માટે સહાય ઉપલબ્ધ છે. ખેડૂતો આ યોજનાઓનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ (http://ikhedut.gujarat.gov.in) પર ઓનલાઈન અરજી કરી શકશે. લો કોસ્ટ મશરુમ ઉત્પાદન અને મલ્ચિંગ માટે ૧૫ જૂન સુધી અરજી કરી શકાશે. જ્યારે, મિશન મધમાખી, પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ સાધનો સહિતના ઘટકો માટે ૧૯ જૂન, ૨૦૨૫ સુધી અરજીનો સમયગાળો છે. અન્ય ઘણી યોજનાઓ માટે ૩૧ મે, ૨૦૨૫ સુધી અરજી કરી શકાશે. વધુ માહિતી માટે અમરેલી જિલ્લા બાગાયત કચેરીનો (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક કરી શકો છો.

## રાજુલા મામલતદાર કચેરી ખાતે અદ્યતન જનસેવા કેન્દ્રનો કલેક્ટરના હસ્તે શુભારંભ

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાએ રાજુલા તાલુકા મામલતદાર કચેરી ખાતે નવીનીકરણ પામેલા અદ્યતન જનસેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ કેન્દ્રમાં અરજદારોને ગરમીથી રાહત આપવા માટે વાતાનુકૂલિત સુવિધા, આરામદાયક બેઠક વ્યવસ્થા, પ્રતીક્ષા કક્ષ અને પીવાના પાણી



જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ અપગ્રેડેડ જનસેવા કેન્દ્રમાં નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનો સરળતાથી લાભ મળી રહે તે માટે વિશેષ પ્રબંધ કરવામાં આવ્યો છે. વરિષ્ઠ નાગરિકોને ઓછી તકલીફ પડે તે હેતુસર તેમને વિશેષ પ્રાધાન્ય આપવા માટે અલગ બારી અને લાઈનની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. તાઉતે વાવાઝોડાને કારણે થયેલા નુકસાન બાદ મહેસૂલ વિભાગના અનુદાનમાંથી આ જનસેવા કેન્દ્રનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

## અમરેલીમાં માતાએ ૫૦૦ રૂપિયા આપવાની ના પાડતાં પુત્રએ ફટકારી

**પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા.૨૧

અમરેલીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. પુત્રએ માતા પાસે ૫૦૦ રૂપિયા માંગતા તેણે ના પાડતા ફટકારવામાં આવી હતી. મીલુબેન ઉમરભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦)એ પુત્ર મુસ્તાક ઉમરભાઈ હાજીભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરાએ તેમની પાસે પાચસો રૂપિયા માંગ્યા હતા. જેથી તેમણે આપવાની ના પાડતા ગાળો આપી, પકડથી માથાના ભાગે, કપાળના ભાગે તથા નાક ઉપર મારી નાક ઉપર ફ્રેક્ચર કર્યું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીના વિકાસ માટે સાંસદ અને ધારાસભ્યો મેદાને : કેન્દ્રમાં ખાતર, હાઈવે અને રેલવે મુદ્દે રજૂઆત

**અમરેલી જિલ્લાનું નેતૃત્વ દિલ્હી દરબારમાં રજૂઆત માટે પહોચ્યું**

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાને વિકાસના માર્ગે આગળ ધપાવવા માટે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્યોની ટીમે કેન્દ્ર સરકાર સમક્ષ મજબૂત રજૂઆત કરી છે. DAP ખાતરની અછત, નેશનલ હાઈવેનું ફોર-લેનિંગ અને રેલવે કનેક્ટિવિટી સહિતના મહત્વના મુદ્દાઓ પર કેન્દ્રીય મંત્રીઓ સાથે દિલ્હીમાં બેઠકો યોજીને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના ખેડૂતો DAP ખાતરની અછતથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ મુદ્દે સાંસદ ભરતભાઈ સુતરીયા, નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાળા, હીરાભાઈ સોલંકી,



જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા તેમજ જિલ્લા ભાજપા અધ્યક્ષ અતુલભાઈ કાનાણીએ રાસાયણિક ખાતર મંત્રી તેમજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સમક્ષ દ્રઢ રજૂઆત કરી હતી. ખાતરના પ્રશ્નનું તાત્કાલિક નિરાકરણ થાય તે માટે મંત્રી તરફથી હકારાત્મક આશ્વાસન મળ્યું હોવાનું જાણવા મળ્યું છે, જિલ્લાના નેશનલ માર્ગોની સ્થિતિ સુધારવા અંગે કેન્દ્રીય માર્ગ-મહેસૂલ મંત્રી નીતિન ગડકરી સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને બાઢડા-ગાવડકા નેશનલ હાઈવેને ચાર માર્ગીય બનાવવા, અમરેલી-બાબરા, ચાવંડ-લાઠી-અમરેલી તથા અમરેલી શહેર બાયપાસ (લાઠી રોડ સર્કલથી રાધેશ્યામ સર્કલ સુધી) માર્ગોના વિકાસ માટે મજબૂત રજૂઆત કરાઈ હતી. સા.કુંડલા - અમરેલી તથા ધારી-વિસાવદર રેલવે લાઈનોને લઈને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને મનસુખભાઈ માંડવીયા સાથે પણ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

## રાજુલામાં બાળકો માટે નિઃશુલ્ક યોગ અને સંસ્કાર શિબિરનો પ્રારંભ

રાજુલા, તા.૨૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બી.આર.સી. ભવન, રાજુલા ખાતે ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે નિઃશુલ્ક યોગ અને સંસ્કાર શિબિરનો પ્રારંભ થયો છે. તા. ૧૬ મે થી ૩૦ મે સુધી ચાલનારા આ કેમ્પનો ઉદ્દેશ્ય બાળકોને સ્વસ્થ, તેજસ્વી અને મેદસ્વિતા મુક્ત બનાવવાનો છે. ઉદ્‌ઘાટન પ્રસંગે બ્રહ્માકુમારી સંસ્થાના બહેન અનુબેન અને સરોજબેન, રાજુલા તાલુકા ટીપીઓ સોયેબભાઈ સુમરા અને વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. કોકિલાબેન જોશીએ બાળકોને પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવી, બહારના ખોરાક ટાળી પોષણયુક્ત આહાર લેવા પર ભાર મૂક્યો હતો.

## સાવરકુંડલામાં PM પોષણ યોજના અંતર્ગત મધ્યાહન ભોજન કેન્દ્ર સંચાલકોની ભરતી : ૩૦ મે સુધી અરજી કરવી

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં PM પોષણ (મધ્યાહન ભોજન) યોજના હેઠળ વિવિધ કેન્દ્રો માટે સંચાલકોની આવશ્યકતા છે. આમાં સાવરકુંડલા પ્રા.શાળા (બીજી પાળી), નાના જીંજુડા, દેત્રડ, લુવારા, વંડા, વાંસીયાળી, સૂરજવડી, કેદારીયા, નાળ અને આકોલડાનો સમાવેશ થાય છે. પસંદ થયેલા સંચાલકોને માનદ વેતન મળશે. લાયકાત ૨૦ થી ૬૦ વર્ષની વય, સંબંધિત ગામના વતની, અને ધોરણ ૧૦ પાસ (અથવા ધોરણ ૭ પાસ, જો ૧૦ પાસ ઉપલબ્ધ ન હોય). ભૂતકાળમાં ગેરલાયક ઠરેલા ઉમેદવારો અરજી કરી શકશે નહીં. અરજી ફોર્મ સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી તા. ૨૭ મે, ૨૦૨૫ સુધીમાં મેળવી શકાશે. ભરેલા ફોર્મ જરૂરી દસ્તાવેજો સાથે તા. ૩૦ મે, ૨૦૨૫ સુધીમાં કચેરીની રજિસ્ટ્રી શાખામાં જમા કરાવવાના રહેશે. નિયત સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અનાજ દળવાની ઘંટી ધરાવતા, વકીલ, શાકભાજી/મસાલા/જલાઉ લાકડાના વેપારી કે સસ્તા અનાજ દુકાનધારકો અરજી કરવા પાત્ર નથી.

## અમરેલીમાં વિશ્વ મધમાખી દિવસ-૨૦૨૫ની ઉજવણી

અમરેલી, તા.૨૧

અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ, તથા ગુજરાત બી ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (FPO)ના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મધમાખી દિવસ-૨૦૨૫ નિમિત્તે એક દિવસીય સેમિનાર યોજાયો હતો. અમરેલીના ૧૦ મધમાખી પાલકોએ ભાગ લીધા હતો.



બાગાયત અધિકારી એમ.જી. ગોહિલે મધમાખી પાલનની પદ્ધતિઓ, સરકારી યોજનાઓ અને સબસિડી વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. FPOના ઉપપ્રમુખ વી.આર. નકુમે મધમાખીઓની પાંચ જાતો વિશે માહિતી આપી. કોલેજના આચાર્ય ડો. સ્વપ્રિલ દેશમુખે મધનું કૃષિ અને સ્વાસ્થ્યમાં મહત્વ સમજાવ્યું. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના મદદનીશ અધિકારી જગવીર સિંહે મધના ફાયદા અને આયોગની પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ અને ઉપસ્થિતોને મધ ભેટ સ્વરૂપે અપાયું હતું.

**મધમાખી પાલકોને માર્ગદર્શન અપાયું**

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




## જાફરાબાદમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને અન્ય સ્થળે ખસેડવા માટે મામલતદારને આવેદનપત્ર અપાયું

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદમાં ખાતે વાપાળીયા અને ખંઢેરા વિસ્તારના રહીશો અને ખેડૂતો દ્વારા સુએજ (STP) ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ બંધ કરવા અને તેને અન્ય જગ્યાએ ખસેડવા માટે આજે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. આ પ્લાન્ટની નજીક મોર્ડન સ્કૂલ, ગર્લ્સ હોસ્ટેલ, કોલેજ, આઈટીઆઈ અને રહેણાંક વિસ્તાર આવેલ છે. તેમજ આ પ્લાન્ટની દુર્ગંધ અને કચરાથી આજુબાજુ અનેક



તસવીર : બાબુભાઈ વાઢેળ

લોકોને બીમારી થવાની આશંકા છે. આથી આ પ્લાન્ટને દુર લઈ જવા સ્થાનિકો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી વિનંતી કરવામાં આવી હતી. જો આ માગણી નહીં સ્વીકારાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. આ તકે કમલેશભાઈ સાખટ, વિરમબાપુ જાડેજા, યોગેશભાઈ બારીયા, પાંચાભાઈ પટેલ, અજીતભાઈ બારીયા, ભીમભાઈ તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર... ધો :- 9 & 10 થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા — Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ

96645 82254/95863 68637

પંડ્યા મનોજભાઇ — Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025

ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..

ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ

93287 12928 / 76 220 220 86


**ખેડૂતના પુત્રએ રૂા.3 લાખના વ્યાજ પેટે ૧૨ લાખ ચુકવ્યા તો પણ ૯ વિઘા જમીનનું બાનાખત કરાવી લીધુ હતું**

# અમરેલીના લાપાળીયા ગામના ખેડૂતની જમીન પોલીસે પરત અપાવી

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં વ્યાજખોરો સામે પોલીસે આકરાં પગલાં લેતાં એક ખેડૂતને તેની પચાવી પાડેલી જમીન પાછી મળી છે. લાપાળિયા ગામના ખેડૂત કનુભાઈ જાદવભાઈ લુણાગરીયાની ૯ વિઘા જમીન વ્યાજખોરે બળજબરીથી પડાવી લીધી હતી, જે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અને તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓમદેવસિંહ જાડેજાની કડક કામગીરીને કારણે પરત મળી છે. લાપાળીયા ગામના ખેડૂત કનુભાઈના પુત્ર શૈલેશે ચાર વર્ષ પહેલાં રૂા.૩ લાખ વ્યાજે લીધા હતા. વ્યાજખોર બાબુ તૈરૈયા માસિક ૧૦%ના ચક્રવૃદ્ધિ વ્યાજ દરે વ્યાજ વસૂલતો હતો



અને રૂા.૧૨ લાખની ઉઘરાણી કરી રહ્યો હતો. આ વ્યાજખોરે ધાકધમકી આપીને કનુભાઈની રૂા.૪૦ લાખની ૯ વિઘા જમીન બળજબરીથી માત્ર રૂા.૧૧ લાખમાં બાનાખાત કરાવી પચાવી પાડી હતી.

છેલ્લા બે વર્ષથી આ જમીન પર ગેરકાયદેસર કબજો કરીને ખેતી પણ કરાઈ રહી હતી. કનુભાઈ લુણાગરીયાએ ૮ મે, ૨૦૨૫ના રોજ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં બાબુ તૈરૈયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. એસપી સંજય ખરાતે તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી, જેના પગલે પીઆઈ ઓમદેવસિંહ જાડેજાએ ફરિયાદી સાથે રૂબરૂ વાતચીત કરી હકીકત જાણી હતી. પોલીસે ગુનો નોંધી, આરોપી સાથે વાતચીત કરી અને જમીન પરત આપવા માટે સમજૂતી કરાવી હતી. આ પ્રક્રિયામાં બાનાખાત રદ કરાવી, કોર્ટમાં કરાયેલો દાવો પરત ખેંચી અને જમીનનો કબજો કનુભાઈને સોંપવામાં આવ્યો હતો. જમીન પરત મળતા કનુભાઈએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ખેડૂતને જમીન પરત મળતા જિલ્લા પોલીસ વડા અને પોલીસની ટીમનો આભાર માન્યો**

### જિલ્લા પોલીસ વડાની અનુકરણીય કામગીરી

જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર તરફથી વ્યાજના દુષણને ડામવા માટે સૂચના આપવામાં આવી હતી. જેમાં પોલીસે વ્યાજખોરો પાસેથી વડીયા પંથકમાં ૯ વિઘા જમીન પરત અપાવી હતી. ધારીના ઝર ગામે પણ વ્યાજખોરોએ પચાવી પાડેલ જમીન પરત અપાવી હતી તો નાગેશ્રીમાં પણ વ્યાજખોરોએ મકાન પચાવી પાડેલ હતું. મકાન ન હોવાથી મકાન માલિક રાજકોટ રહેવા જતા રહ્યાં હતા તે મકાન પણ પોલીસે પરત અપાવ્યું હતું.

# સાવરકુંડલા ગ્રામ્ય પંથકમાં વરસાદને કારણે થયેલી નુકસાનીનો સર્વે શરૂ

અમરેલી,તા.૨૧



સાવરકુંડલા તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન થયું છે. રાજ્ય સરકારની સૂચના બાદ નુકસાનીનું સર્વેક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. તાલુકાના ૬૧ ગામોમાં ૩૨ ખેતીવાડી ટીમો દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અંદાજે ૧૧,૦૦૦ હેક્ટર વિસ્તારમાં થયેલા વાવેતરમાં ડુંગળી, તલ, બાજરી, મગ અને કેળા જેવા પાકને નુકસાન થયું છે. સૌથી વધુ નુકસાન ડુંગળી અને કેરીના પાકમાં નોંધાયું છે.

# વડીયામાં PGVCLની બેદરકારીથી લોકો ત્રાહિમામ : વારંવાર વીજળી ગુલ થતાં રોષ

વડીયા, તા.૨૧

અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકામાં વીજળીની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. છેલ્લા દસ દિવસથી માવઠાના માહોલ વચ્ચે PGVCL દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. 'જ્યોતિ ગ્રામ' યોજના અમલમાં આવી તે પહેલાં પણ આટલી વાર વીજળી ગુલ થતી ન હતી, તેમ સ્થાનિકો જણાવી રહ્યા છે. વડીયાના સદગુરુ નગરમાં બે દિવસ વીજળી ગુલ રહ્યા બાદ ૨૪ કલાકે વીજળી આવતાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. સોશિયલ મીડિયા પર અનેક વીડિયો વાયરલ કરી લોકોએ પોતાની વેદના ઠાલવી હતી. થોડા વરસાદમાં પણ



તુરંત વીજળી ગુલ થવી, રસ્તા પર ખુલ્લા વાયરો પડ્યા હોવા છતાં PGVCLના કર્મચારીઓ અને અધિકારીઓની નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે PGVCLનો કથળતો વહીવટ સુધારવામાં આવે અને વીજ પ્રવાહને અલગ-અલગ ઝોનમાં વહેંચી દેવામાં આવે, જેથી જે ઝોનમાં ફોલ્ટ હોય ત્યાં જ વીજળી બંધ થાય. હવે જોવું રહ્યું કે PGVCL તંત્ર ક્યારે જાગે છે અને લોકોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે છે.

# બાગાયત પાકોની ખેતી કરતા ખેડૂતોને ૪૭ ઘટકોમાં સહાય મળશે, ૨૪થી ૩૧ મે સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના બાગાયત પાકોની ખેતી કરતા ખેડૂતો માટે એક સારા સમાચાર છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ ૪૭ જેટલા ઘટકોમાં સહાય પૂરી પાડવામાં આવશે. આ માટે ખેડૂતોએ તા. ૨૪ થી તા. ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં આઇ-ખેડૂત પોર્ટલ http://ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજના હેઠળ કાચા-અર્ધ કાચા મંડપ, પ્રાકૃતિક કૃષિ, સરગવાની ખેતી, વજન કાંટા-તાલપત્રી, પપૈયા-કેળ ટીસ્યુ પ્રોસેસિંગ સાધનો, ઘનિષ્ઠ ખેતી, નાળિયેર વાવેતર, ટિસ્યુકલ્ચર ખારેક, ફળપાક પ્લાન્ટિંગ મટીરીયલ્સ, ટાંકા નિર્માણ, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી, કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ, શૉર્ટિંગ-ગ્રેડિંગ-પેકિંગ યુનિટ, હવાઈ માર્ગે નૂર સહાય અને વોટર સોલ્યુબલ ખાતરમાં મહિલા લાભાર્થીઓને સ્ટાઈપેન્ડ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. અરજી કર્યા બાદ, તેની પ્રિન્ટ પોતાની પાસે રાખી મંજૂરી મળ્યેથી નાયબ બાગાયત નિયામક, જિલ્લા બાગાયત કચેરી, બાગાયત ભવન, સરદાર ચોક, રામેશ્વર મંદિરની બાજુમાં, અમરેલી ખાતે રજૂ કરવી.






**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી. નં. /૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રશીદખા મુજાતખા પઠાણ
રહે. તાલાળા રોડ, ગીરીન પાર્ક સોસાયટી, મુ.વેરાવળ
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વકીલશ્રી એ.આઈ.સુમરા રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સાંઢણીધાર
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના રહીશ **શ્રી રશીદખા મુજાતખા પઠાણ તથા હસીનાબેન રશીદખા પઠાણનો પુત્ર હિરાનખા રશીદખા પઠાણનો** જન્મ તા.૧૯/૦૫/૨૦૧૦ માં કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના સને. ૨૦૧૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૨/૦૫/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**દામનગરમાં બનાવ બન્યો**

# સગીરાને ચેનચાળા કરવા મુદ્દે ઠપકો આપતાં મામલો બિચક્યો

દામનગર, તા.૨૧

દામનગરમાં સગીરાને ચેનચાળા કરવા બદલ ઠપકો આપતાં મામલો બિચક્યો હતો. બનાવ અંગે ધીરૂભાઈ મોહનભાઈ વાઘેલા (ઉ.વ.૬૨) એ રાહુલભાઈ સાર્દુળભાઈ ચારોલા, સાર્દુળભાઈ ભારથીભાઈ ચારોલા, ધીરૂભાઈ ભારથીભાઈ ચારોલા, મિલનભાઈ ધીરૂભાઈ ચારોલા તથા મનુભાઈ ભારથીભાઈ ચારોલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી રાહુલભાઈ સાર્દુળભાઈ ચારોલાનાઓએ આજથી એકાદ મહિના પહેલા સગીરાને ગંદા ઈશારા કરી બોલાવી છેડતી કરી હતી. આ ઉપરાંત ઘર પાસે ન્હાવા ગયેલ ત્યારે આ આરોપી રાહુલ શાર્દુલભાઈએ તેને બાથમાં પકડી લઈ ચેનચાળા કર્યા હતા. આ બાબતે તેમણે સાર્દુળભાઈ ભારથીભાઈ ચારોલાને ઠપકો આપતા તેઓને સારૂ નહોતું લાગ્યું અને તેઓના ઝૂંપડે આવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.વાય. રાવલ વધુ તપાસ કરી રહ્યા છે.


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર — M.D. (Skin & VD), ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ, ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ — M.S. Ortho DNB Ortho FIAS, કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

સિંહે જ યુવાનને ફાડી ખાધો હોવાની ચર્ચા વચ્ચે વનવિભાગ હજુ પણ પોસ્ટમાર્ટમ રિપોર્ટની રાહમાં

# લાઠીના લુવારીયા ગામ નજીક વન્યપ્રાણીના હુમલામાં યુવાનના મોત મામલે તપાસના આદેશ

અમરેલી,તા.૨૧

લાઠી તાલુકાના લુવારીયા ગામમાં સરપંચ પુત્ર પર સિંહે હુમલો કર્યો હોવાની પ્રાથમિક વિગતો બહાર આવતા વનખાતાએ આળસ ખંખેરી છે. અરદીપ જસકુભાઈ ખુમાણને ફાડી ખાધા બાદ આ પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. સિંહે જ આ હુમલો કર્યો હોવાની પ્રાથમિક વિગતો બાદ પણ વનખાતું જવાબદારીની ફેંકાફેંકી કરતું જોવા મળ્યું હતું. જો કે હવે લાઠીના લુવારીયા ગામ નજીક સિંહ દ્વારા થયેલા માનવમૃત્યુ બાદ તટસ્થ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ધારી ગીર પૂર્વ વનવિભાગ ડિવિઝનના એસીએફના નેતૃત્વ હેઠળ એક વિશેષ ટીમ બનાવવામાં આવી છે. આ ટીમમાં ગીર પૂર્વ, અમરેલી સોશિયલ ફોરેસ્ટ્રી (SF) અને શેત્રુંજી



વન્યજીવન વિભાગના સ્થાનિક આરએફઓનો સમાવેશ થાય છે. આ ટીમે પોલીસ સાથે સંયુક્ત રીતે તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન મૃત્યુનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટનું વિશ્લેષણ કરવામાં આવશે. એસીએફ અને તેમની ટીમ દ્વારા લુવારીયા વીડી ખાતે ઘટનાસ્થળની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.

પોલીસને આપવામાં આવેલા નિવેદનો સહિત ઘટના સંબંધિત તમામ વ્યક્તિઓના અભિપ્રાયો લેવામાં આવશે. છેલ્લા ૪૮ કલાકમાં સિંહ

**યુવાનના મોત મામલે ૨૪ કલાક સુધી વનવિભાગ જવાબદારીની ફેંકાફેકી કરતુ હતું**

જૂથ ક્યાં હતું તેની માહિતી મેળવવામાં આવશે. જો ઉપલબ્ધ હોય તો, સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવશે. પોલીસ દ્વારા કોલ ડિટેલ રેકોર્ડ સહિત અન્ય તકનીકી તપાસ પણ કરવામાં આવશે.

# રાજુલાની સિવિલ હોસ્પિટલમાંથી મોબાઈલ ફોનની ચોરી કરનાર શખ્સ પકડાયો

રાજુલા,તા.૨૧

રાજુલાની સિવિલ હોસ્પિટલના રેસ્ટ રૂમમાંથી ફોન, પાકીટ, જરૂરી ડોક્યુમેન્ટ અને રૂ. ૯૦૦ રોકડા મળી કુલ રૂ.૧૭,૮૯૯ના મુદ્દામાલની ચોરી થઈ હતી. ફોન માલિકની ફરિયાદીના આધારે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ અને હ્યુમન સોર્સના આધારે તેમજ



સીસીટીવી કેમેરા ચેક કરી અને શંકાસ્પદ ઈસમને પકડી અને તેની યુક્તિ-પ્રયુક્તિથી પૂછપરછ કરતાં તેણે ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. તેની પાસેથી પોલીસે ચોરી થયેલ મોબાઈલ ફોન તથા રોકડ રકમ પરત મેળવી હતી. પકડાયેલ આરોપી જાફરાબાદના લોઠપુરનો રહેવાસી લાલજીભાઈ ઉર્ફે લાલો ચોથાભાઈ સોલંકી છે. આ શખ્સ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. તેની સામે રાજુલા, જાફરાબાદ, સુરતના કાપોદ્રા, ડુમસ, પીપાવાવ મરીન, કોડીનાર પોલીસ સ્ટેશનમાં અનેક ગુના નોંધાયેલા છે.

# ચલાલાના હુડલી ગામની સીમમાંથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

**છોટા ઉદેપુરના યુવક સામે ફરિયાદ**

ચલાલા, તા.૨૧

ચલાલાના હુડલી ગામની સીમમાં રહેતા એક પરિવારની સગીરાનું બદકામના ઈરાદે અપહરણ થયું હતું. બનાવ અંગે છોટા ઉદેપુરના યુવક સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સગીરાના પિતાએ છોટા ઉદેપુરના અજુન ગામના કિરણભાઈ રમેશભાઈ રાઠવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે હુડલી ગામના રમેશભાઈ આણંદજીભાઈ સાવલીયાની વાડીમાં ભાગીયુ રાખ્યું હતું. આરોપીએ તેમની દીકરી સગીર વયની હોવાનું જાણવા છતાં વાડીએથી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

ચલાલા પોલીસ સ્ટેશનના પીઆઈ જી.આર. વસૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ‘મારી મરજી હું મજૂર મોકલું કે ન મોકલું’ કહેતા ફોનમાં ગાળો આપી

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાના ગોરકડા ગામે મજૂર બાબતે માથાકૂટ થઈ હતી અને સામસામી ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે શીવરાંગભાઈ મનુભાઈ ચાંદુ (ઉ.વ.૩૫)એ સાદુળભાઈ ભીમભાઈ ચાંદુ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ રાત્રીના આશરે દસેક વાગ્યાના અરસામાં તેઓ ગોરડકાથી દોલતી ગામ તરફ જતા રોડ ઉપર ચાલતા હતા તે દરમિયાન આરોપી સાદુળભાઈ ફોરવ્હીલ ગાડી લઈને જતા હતા અને તેમને ઉભા રખાવી પુછેલ કે, ‘તમે મારી વાડીએ મજૂર મોકલવાનું કહેતા હતા તો કેમ ન મોકલ્યા.’ સાદુળભાઈએ મને કહેલ કે, ‘મારી મરજી હું મજૂર મોકલું કે ન મોકલું.’ જે બાદ મોબાઈલ ફોનમાં તેમના ભાઈને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા અને તે મને પણ ફોનમાં જેમફાવે તેમ બોલ્યા હતા. જે બાદ સાદુળભાઈ ભીમભાઈ ચાંદુ (ઉ.વ.૫૧) ગૌરાંગભાઈ મનુભાઈ ચાંદુ તથા શીવરાંગભાઈ મનુભાઈ ચાંદુ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તે દોલતીની સીમમાં આવેલ વાડીએ તેઓની ફોરવ્હીલ લઈને જતા હતા દરમિયાન ગોરડકાથી દોલતી ગામ તરફ જતા રોડે નદીના નાળા પાસે કૌટુંબીક ભાઈ ગૌરાંગભાઈ ચાંદુ સામેથી ચાલીને આવતા હોય તેઓએ ફોરવ્હીલ ગાડી ઉભી રખાવી હતી. તેમણે ‘મારી વાડીએ મજૂર કેમ ન મોકલ્યા’ તેમ કહી મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને મારા મોબાઈલ ફોનમાં ગૌરાંગભાઈ તથા તેના નાના ભાઈ શીવરાંગભાઈ બન્નેએ ભેગા મળી ફોન કરી જેમ ફાવે તેમ બોલવા લાગ્યા હતા.

# કેરીયા નાગસ પોદાર સ્કૂલની પાછળ નાગનાથ કોટનના કંપાઉન્ડમાં ટ્રક નીચે કચડાઈ જતા યુવકનું મોત

અમરેલી, તા.૨૧

અમરેલીના કેરીયા નાગસ પોદાર સ્કૂલની પાછળ નાગનાથ કોટનના કંપાઉન્ડમાં ટ્રક નીચે કચડાઈ જતા યુવકનું મોત થયું હતું. દિનેશભાઈ ગગજીભાઈ વાઘરી (દેવીપૂજક) ઉ.વ.૬૦એ કાનાભાઈ ટ્રક રજી નં GJ ૧૪ X ૪૮૬૯ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના હવાલાવાળો ટ્રક રજી. નં.GJ-૧૪-X ૪૮૬૯ નો બેફિકરાઈથી ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે પાછળ ચલાવી તેમનો દીકરો જીનના કંપાઉન્ડમાં ખાટલો પાથરીને સુતો હોય તેની ઉપર ટ્રકનો જોટો ફેરવી દઈ ગંભીર ઈજાઓ પહોચાડી હતી. જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયા-કુંકાવાવ તાલુકામાં કાયમી અધિકારીઓની નિમણૂક કરવાની માંગ કરતા પરેશ ધાનાણી

અમરેલી, તા.૨૧

વડીયા કુંકાવાવ તાલુકામાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO), તાલુકા હેલ્થ ઓફિસર, સબ રજીસ્ટ્રાર અને પોલીસ ઈન્સ્પેક્ટર (PI) જેવી મુખ્ય જગ્યાઓ ખાલી પડી છે. આના પરિણામે, તાલુકાનું સમગ્ર વહીવટીતંત્ર ઈન્ચાર્જ અધિકારીઓના ભરોસે ચાલી રહ્યું છે. તાલુકાના વિકાસ કાર્યો, કાયદો અને વ્યવસ્થા, જમીન



મહેસૂલ અને આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ જવાબદારીઓ મુખ્ય અધિકારીઓ પર હોય છે. જોકે, કાયમી અધિકારીઓની ગેરહાજરીથી આ તમામ ક્ષેત્રોમાં કામગીરી ધીમી પડી રહી છે. પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીએ કાયમી અધિકારીઓની તાત્કાલિક નિમણૂક કરવાની માંગ કરી છે, જેથી તાલુકાના લોકોને પડતી હાલાકી દૂર થાય અને વહીવટીતંત્ર સુચારુ રીતે કાર્ય કરી શકે. અધિકારીઓ અને કર્મચારીઓ માટે પ્રાથમિક સુવિધાઓનો અભાવ પણ અહીં કાયમી નિમણૂકો ન થવાનું એક કારણ હોવાનું મનાય છે.

# અમરેલીમાં પત્નીએ ઘરખર્ચ માટે પૈસા માંગતા પતિએ ઢીકાપાટુ માર્યા

**જાનથી મારવાની પણ ધમકી આપી**

અમરેલી, તા.૨૧

અમરેલીમાં લાઠી રોડ પર આવેલા વૃદ્ધાશ્રમમાં રહેતી એક મહિલાએ તેના પતિ વિરુદ્ધ જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી હતી. મહિલાએ રાજકોટમાં રહેતા પતિ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેના પતિ પાસે ઘરખર્ચના પૈસા માંગતા ગાળો બોલી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત અવારનવાર મેણા ટોણા મારી દુઃખ ત્રાસ આપતો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી.

અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કૃપાબેન રમેશભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ભાડેર ગામે બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ બાળકીની શ્રવણ શક્તિમાં વધારો

અમરેલી,તા.૨૧

ધારી તાલુકાના ભાડેર ગામે રહેતી બાળકી જન્મથી બધિર હોય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ તેમની વિનામૂલ્યે સર્જરી કરાતા હવે બાળકીના કાને ધ્વનિ અથડાય છે. બાળકીના પિતા ભાવેશભાઈ ભરખડા કહે છે કે, ‘એક પણ રુપિયો ખર્ચ્યા વિના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૬ થી ૮ લાખના ખર્ચે થતી સર્જરી સહિતની સારવાર



અને સાંભળવાનું યંત્ર વિનામૂલ્ય મળ્યું છે.’ તેઓ કહે છે કે, જન્મથી બાળકી સાંભળી શકતી ન હતી, કોકલીયર પ્લાન્ટ સર્જરી બાદ ડિમ્પલની સાંભળવાની શક્તિમાં ખૂબ વધારો થયો છે, આજે સ્કૂલે જઈ રહી છે, સાથે જ તે વિવિધ ચીજ-વસ્તુઓને ઓળખતી થઈ છે અને તેની બોલવાની ક્ષમતા પણ ધીરે ધીરે વિકસી રહી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ દશમ
તા.૨૨-૦૫-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૦૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૨-૦૫-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આ દિવસે કામમાં અડચણ હોવાને કારણે મન અશાંત થઈ શકે છે. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. નોકરી કરનારાઓને નવી તકો મળશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જ કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકો છે.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

**૧.૭૧ કરોડ રૂપિયા જમા લઈ**

# લીલીયાના આંબા ગામની સહકારી મંડળીના મંત્રીએ રૂપિયા ૧.૬૧ કરોડની ઉચાપત કરી

**સભાસદોના વ્યાજ, ખાતર વેચાણની રકમ ચાંઉ કરી ગયો**

લીલીયા, તા.૨૧

લીલીયાના આંબા ગામે સહકારી મંડળીમાં ફરજ બજાવતાં મંત્રીએ રૂપિયા ૧.૬૧ કરોડથી વધુ રકમની ઉચાપત કરી હતી. જીજ્ઞેશભાઈ મનસુખભાઈ સાવજ (ઉ.વ.૩૫)એ સાવરકુંડલામાં રહેતા અશોકભાઈ ભાયલાલભાઈ મહેતા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ આંબા ગામે સેવા સહકારી મંડળી (શ્રી ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.)માં મંત્રી તરીકેની તા.૦૫/૦૭/૨૪ થી તા.૧૭/૦૧/૨૫ સુધીની ફરજ દરમિયાન મંડળીના અલગ અલગ સભાસદો પાસેથી મધ્ય મુદત ધિરાણની હપ્તાની તથા વ્યાજની તથા શેરની તથા મંડળીના રાસાયણિક ખાતરના વેચાણની કુલ રકમ રૂા.૧,૭૧,૨૧,૪૫૭.૭૭/- પુરા અંકે રૂપિયા (એક કરોડ એકોતરે લાખ એકવીસ હજાર ચારસો સતાવન અને સત્યોતેર પૈસા પુરા) મંડળીના રોજમેળમાં જમા લીધા હતા. આ નાણાની સીલક ગેરકાયદે મર્યાદા બહાર હાથ ઉપર રાખી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. આંબા શાખામાં જમા ન કરાવી નાણાની ઉચાપત કરી પોતાના અંગત ઉપયોગમાં લઈ મંડળી તથા બેન્ક સાથે છેતરપિંડી તથા વિશ્વાસઘાત કર્યો હતો. મંડળીની રકમની ઉચાપત જાહેર થતા આરોપીએ ઉચાપતની સીલક પૈકીના નાણા રૂા.૯,૫૧,૪૩૨/- બેન્કમાં જમા કરાવ્યા હતા. બાકીના રૂા.૧,૬૧,૭૦,૦૨૫.૭૭ અંકે રૂપિયા (એક કરોડ એકસઠ લાખ સીતેર હજાર પચ્ચીસ અને સત્યોતેર પૈસા પુરા) બેન્કમાં જમા નહીં કરાવી તેમના અંગત ઉપયોગમાં લઈ આંબા સેવા સહકારી મંડળી તથા અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક (આંબા શાખા) સાથે ગુનાહીત વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# વાવેરા અને જુના ઝાંઝરીયાથી સમઢીયાળા રોડ પરથી દારૂની એક-એક બોટલ પકડાઈ

અમરેલી, તા.૨૧

રાજુલા અને બગસરામાંથી પોલીસે દારૂની એક એક બોટલ પકડી પાડી હતી. વાવેરા ગામે, ખારી ખેરાળી રોડ ઉપર રેલ્વે ફાટક આગળથી બાઈક લઈને પસાર થતાં યુવકને અટકાવી તલાશી લેતા દારૂની બોટલ મળી હતી. પોલીસે ૧૦,૬૨૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જુના ઝાંઝરીયાથી સમઢીયાળા રોડ ઉપર એક યુવક દારૂની બોટલ સાથે પકડાયો હતો.

# અમરેલીની મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજનું બી.એ. સેમ.૦૬નું ૮૮.૭૧% પરિણામ જાહેર

અમરેલી,તા.૨૧

અમરેલીમાં છેલ્લા ૩૪ વર્ષથી એકમાત્ર ગ્રાન્ટેડ માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજનું બી.એ. સેમ.૦૬ની પરીક્ષાનું ૮૮.૭૧% પરિણામ જાહેર થયું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા માર્ચ-૨૦૨૫માં આયોજીત આ પરીક્ષામાં નિમાવત ગાયત્રી દિલીપભાઈએ ૮૪.૫૭%- મુખ્ય સંસ્કૃત (ગામ કીડી) પ્રથમ, લિંબાસીયા ઉર્મિ કનુભાઈએ ૮૨.૭૧ %, મુખ્ય સંસ્કૃત, (ગામ ચિતલ) દ્વિતીય અને સોલંકી નિકિતા







અરવિંદભાઈએ ૮૧.૪૩ %, મુખ્ય સંસ્કૃત (ગામ જશવંતગઢ) તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે. કુલ પાસ થયેલ ૧૧૦માંથી ૧૦૦ વિદ્યાર્થિનીઓએ ફર્સ્ટ ક્લાસ અને ડિસ્ટિંકશન મેળવ્યું છે. તમામ વિદ્યાર્થિનીઓ તથા સંસ્કૃત ડિપાર્ટમેન્ટને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, વિદ્યાસભા નિયામક ડો. ગીરીશભાઈ ભીમાણી તથા કેમ્પસ ડાયરેક્ટર વી.એન.પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો. જી.વી. વેલિયત તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# રાજુલા ૧૦૮ એમ્બ્યુલન્સના ડોક્ટરનો ખોવાયેલો મોબાઈલ પોલીસે શોધી આપ્યો

રાજુલા,તા.૨૧

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યના માર્ગદર્શન હેઠળ, “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત ખોવાયેલા મોબાઈલ પરત આપવાની ઝુંબેશ સફળતાપૂર્વક ચાલી રહી છે. તાજેતરમાં, રાજુલા સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સના ડોક્ટર તરીકે ફરજ બજાવતા મનીષભાઈ રસિકભાઈ બારૈયાનો સરકારી મોબાઈલ




તસવીર : ગોપાલ રાઠોડ

ફોન ખોવાઈ ગયો હતો. તેમણે રાજુલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા, પોલીસ ટીમે તાત્કાલિક સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. પરિણામે, પોલીસે તેમનો ખોવાયેલો ફોન શોધી કાઢી મનીષભાઈને પરત કર્યો હતો અને “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમને સાર્થક કર્યો હતો.

**તંત્રી લેખ**

# મોબાઈલ દ્વારા આફતનું આગમન

વાઈરસથી જે રીતે માનવી બીમાર પડે છે તેમ વાયરસથી મોબાઈલ પણ અપાહીજ બની જાય છે. કોઈ એપ્લિકેશન ખૂલે નહીં અને ખૂલે તો આગળ ના વધે. આજે દુનિયાભરનો વહીવટ નાનકડા મોબાઈલ દ્વારા ચાલી રહ્યો છે. આપણે રોજિંદા ધોરણે મોબાઈલ એપ્સ, ઈન્ટરનેટ બેંકિંગ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીએ છીએ. મોબાઈલની સગવડતા આ સહજ અને સરળ બનાવે છે પણ સાથોસાથ મોબાઈલના વપરાશમાં અનેક પ્રકારના જોખમો પણ છે. મોબાઈલના ઈનબોક્સમાં આવતા મેસેજ કોઈ વાર મોટું જોખમ લઈને આવે છે અને ડેટાને તહસ-નહસ કરી નાખે છે. સાથે સાયબર ફ્રોડની ઘટનામાં પણ વધારો થઈ રહ્યો છે માટે દરેક ઈન્ટરનેટ યુઝર્સની જવાબદારી છે કે તેઓ સતર્ક અને સુરક્ષિત રહે. તેને જ સાયબર સુરક્ષા કહેવામાં આવે છે. જેના માટે કેટલાક શબ્દો વિશે પ્રાથમિક સમજ હોવી જરૂરી છે, જેથી દરેક વ્યક્તિ મોબાઈલ બાબતમાં નિષ્ણાંત બની શકે. આમ તો મોબાઈલ ચલાવવામાં નાના બાળકો પર નિષ્ણાંત હોય છે પરંતુ તેમાં સુરક્ષા અતિ જરૂરી હોય છે. મોબાઈલમાં ઈનબોક્સમાં રોજેરોજ બિનજરૂરી વીડિયો અને ઈમેજ ઉમેરાતા હોય છે. આખી મેમરી ભરાઈ થઈ જાય એટલે મોબાઈલ બંધ થઈ જાય જેથી સ્વચ્છતા જરૂરી છે. જેમ આપણે આપણાં શરીરને સાફ કરવા માટે દરરોજ સ્નાન કરીએ છીએ, તેમ ઈન્ટરનેટ પર સુરક્ષિત રહેવા માટે ડિજિટલ સ્વચ્છતાની આદત વિકસાવવી મહત્ત્વપૂર્ણ છે. જેને સાયબર હાઈજીન કહેવામાં આવે છે. જેનાથી આપણો ડેટા, મોબાઈલ અને બેંક એકાઉન્ટ સુરક્ષિત રહે છે. માલવેરનો અર્થ 'દૂષિત સોફ્ટવેર' થાય છે - એવું સોફ્ટવેર જે તમારા ડિવાઈસને નુકસાન પહોંચાડે છે. વાઈરસ, સ્પાયવેર, ટ્રોજન વગેરે માલવેરના પ્રકારો છે. જે તમારા કમ્પ્યુટર કે મોબાઈલમાં ગુપ્ત રીતે પ્રવેશ કરે છે અને ડેટા ચોરી શકે છે. સિસ્ટમ ધીમી કરી શકે છે અથવા તમારા પર નજર રાખી શકે છે. જ્યારે તમારી માહિતી લીક થાય ત્યારે કોઈ વેબસાઈટ, બેંક અથવા એપના સર્વરમાંથી લાખો યુઝર્સની માહિતી ચોરાઈ જાય છે. ત્યારે તેને ડેટા બ્રીચ કહેવામાં આવે છે. જેમાં નામ, સરનામાં, મોબાઈલ નંબર, ઈમેલ પાસવર્ડ, એડ્રેસ, આધાર નંબર, પાન નંબર વગેરે ઘણી વસ્તુનો સમાવેશ થાય છે. આવું થાય તો સાયબર અપરાધીઓ તમારી ઓળખનો દુરુપયોગ કરી શકે છે. તમારી સાથે છેતરપિંડી પણ થઈ શકે છે. ઉપયોગી જેવી વેબસાઈટ પર તમારો ઈમેલ નાખીને તપાસ કરતા રહો કે તમારી માહિતી લીક થઈ છે કે નહીં. તમારા પર નજર રાખતી જાસૂસી એપ્લિકેશન સ્પાયવેર એ એક સોફ્ટવેર છે જે ચૂપચાપ તમારા મોબાઈલ અથવા કમ્પ્યુટરમાં પ્રવેશ કરે છે અને તમારી ડિજિટલ એક્ટિવિટી પર જાસૂસી કરે છે. જેમ કે તમે કઈ વેબસાઈટની મુલાકાત લો છો. ફિશિંગ એ એક પ્રકારનો સાયબર એટેક છે. જેમાં નકલી ઈમેલ્સ, વેબસાઈટ્સ અથવા મેસેજ દ્વારા પર્સનલ ડેટા આપવા માટે લલચાવવામાં આવે છે. તમારું બેંક એકાઉન્ટ બંધ થઈ જશે. તમારી વીજળી કાપી નાંખવામાં આવશે વગેરે જેવા મેસેજ વડે ડરાવવામાં આવે છે. ગિફ્ટ કે પછી ઈનામ જીતવાની લાલચ આપવામાં આવે છે. આમ, નકલી વેબસાઈટ વડે ફ્રોડ કરવામાં આવે છે.

# યમુનાના જળપ્રદૂષણને નાથવું જરૂરી છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



આપણા દેશમાં મોટાભાગની નદીઓમાં જળ પ્રદૂષણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. દેશની નાની અને મધ્યમ કક્ષાની નદીઓમાં પણ પ્રદૂષણ હદ બહાર વધી ગયું છે બીજી બાજુ ભૂમિગત પાણીના સ્તરમાં ઘટાડો થતાં નાની અને મધ્યમ કક્ષાની નદીઓમાં ચોમાસા પછી પાણી હોતું નથી પરંતુ જે નદી બારમાસી છે, મોટી નદી છે તેમાં પ્રદૂષણ થઈ રહ્યું છે. આના નિવારણ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતની સૌથી વધુ પ્રદૂષિત નદીઓમાં યમુના નદીનો પ્રથમ નંબર આવે છે તેમાં સૌથી વધુ પ્રદૂષણ પાટનગર દિલ્હી દ્વારા થાય છે એને કેમ નિવારી શકાય તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. યમુના નદી ભારતમાં વહેતી એક મહત્ત્વપૂર્ણ નદી છે. તે ગંગા નદીની મુખ્ય સહાયક નદી છે. યમુના નદીનું ઉદ્ગમ સ્થાન હિમાલય પર્વતની યમુનોત્રીથી થાય છે, જે ઉત્તરાખંડ રાજ્યમાં આવેલું છે. યમુના નદીનો માત્ર ૨% ભાગ દિલ્હીમાં આવે છે અને યમુનાનું ૮૦% પ્રદૂષણ દિલ્હીથી થાય છે. અત્યાર સુધીમાં યમુનાને સાફ કરવા માટે રૂ. ૮૩૭૨ કરોડ ખર્ચાયા છે અને આટલી જ રકમથી દિલ્હીમાં ૩૭ સિવેજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. આમ છતાં આ નદીનું પ્રદૂષણ ઘટતું નથી તે એક મોટી સમસ્યા છે. આ નદી વિશેની વિગતો જાણીએ તો ઉપરવાસમાં જળ પ્રદૂષણ નથી. દિલ્હી સુધીમાં આ નદી સ્વચ્છ છે, પાણી પારદર્શક કાચ જેવું છે પરંતુ દિલ્હી મૂક્યા પછી તે ભારતની સૌથી મોટી ગટર બની ગઈ હોય તેવું લાગે છે. શા માટે અટકાવી શકાતું નથી તેના કારણો અને તેના નિવારણ વિશે વિચારવું જરૂરી છે. યમુના નદી ભારતમાં વહેતી એક મહત્ત્વપૂર્ણ નદી છે. તે ગંગા નદીની મુખ્ય સહાયક નદી છે.

યમુના નદીનું ઉદ્ગમ સ્થાન હિમાલય પર્વતની યમુનોત્રીથી થાય છે, જે ઉત્તરાખંડ રાજ્યમાં આવેલું છે. યમુના નદી લગભગ ૧,૩૭૬ કિલોમીટર લાંબી છે. આ નદી હિમાચલ પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ત્યાર બાદ ગંગા નદીમાં મળી જાય છે. યમુના નદીને હિંદુ ધર્મમાં ખૂબ પવિત્ર માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે યમુના દેવતા સૂર્યદેવની પુત્રી અને યમરાજની બહેન છે. યમુના નદીના કિનારે ઘણા પ્રાચીન શહેરો વસેલા છે, જેમ કે મથુરા, વૃંદાવન અને આગ્રા. ભગવાન શ્રી કૃષ્ણનો જીવનનો મોટો ભાગ યમુના નદીના કિનારે પસાર થયો હતો. આજના સમયમાં યમુના નદીનું પાણી ઘણી જગ્યાએ પ્રદૂષિત થઈ ગયું છે. નદીની શુદ્ધતા જાળવવી એ દરેક નાગરિકની જવાબદારી છે. દિલ્હી વિસ્તારમાં યમુના નદીમાં જળ પ્રદૂષણ બહુ મોટી સમસ્યા છે. આ સમસ્યાનું નિવારણ કરવા માટે કેટલીક મહત્વપૂર્ણ પધ્ધતિઓ અપનાવી શકાય તેમ છે. દિલ્હીમાં યમુના નદીના જળ પ્રદૂષણને અટકાવવું તે આજે સૌથી વધુ જરૂરી છે. આ માટે મળમૂત્રનું યોગ્ય શુદ્ધિકરણ (Sewage Treatment): દિલ્હીમાં યમુના નદીમાં મોટા પ્રમાણમાં ગંદું પાણી ભળે છે. દરેક વસાહત અને ઉદ્યોગમાંથી નીકળતા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરીને જ નદીમાં છોડવું જોઈએ. આ ઉપરાંત ઉદ્યોગોને નિયમિત કરવાં જરૂરી છે. કેટલાક કારખાનાઓ કેમિકલ અને ઝેરી પદાર્થો સીધા જ નદીમાં છોડે છે. સરકારે આવા ઉદ્યોગો પર કડક કાર્યવાહી કરવી જોઈએ. સ્વસ્થ અને તંદુરસ્ત જીવન માટે શુદ્ધ પાણી ખૂબ જરૂરી છે. આજે શહેરો અને ગામોમાં મોટા પ્રમાણમાં ચોખ્ખા પાણીનો વપરાશ થાય છે અને તેના દ્વારા ગંદુ પાણી પણ ઉત્પન્ન થાય છે. પાણીનો વપરાશ વધતો જાય છે, તેમ રોજબરોજ ઘણું ગંદું પાણી બહાર આવે છે. ઘરનું, ઓફિસોનું, હોટલોનું અને ઉદ્યોગોનું ગંદું પાણી સીધું નદીઓમાં જાય તો પ્રદૂષણ થાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે "સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ" બનાવવામાં આવે છે. સિવેજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ (STP) એ એક એવી વ્યવસ્થા છે, જ્યાં ગંદા પાણીને શુદ્ધ કરીને તે ફરીથી ઉપયોગમાં લઈ શકાય એવું બનાવવામાં આવે છે. આ પ્લાન્ટમાં વિવિધ તબક્કાઓ દ્વારા પાણીમાંથી ઘન કચરો, ગંદકી, જીવાણુઓ અને હાનિકારક રસાયણો દૂર કરવામાં આવે છે. ઘરેલું કચરો નદીમાં ન નાખવોઃ લોકો યમુના નદીમાં ફૂલ, કપડાં, પૂજાનો સામાન વગેરે નાખે છે. નદીમાં કચરો ન નાખવો એ દરેક નાગરિકની ફરજ છે. માટે જનજાગૃતિ ફેલાવવી જરૂરી છે. સ્કૂલ, કોલેજ અને સામાજિક સંગઠનો દ્વારા લોકોમાં જળ પ્રદૂષણ સામે જાગૃતતા અંગે કાર્યક્રમ કરવા જોઈએ અને આ પવિત્ર નદીને બચાવવા જનતાનો પણ સહયોગ લેવો જરૂરી છે. આ ઉપરાંત સરકારી યોજનાઓને અસરકારક રીતે અમલમાં મુકવી જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ 'નમામી ગંગે' જેવી યોજનાઓ યોગ્ય રીતે અમલમાં મૂકવી જોઈએ. યમુના નદીને સ્વચ્છ બનાવવા માટે વૃક્ષારોપણ અને નદીના કાંઠે સફાઈ અભિયાન મોટાપાયે પર શરૂ કરવા જરૂરી છે. યમુના નદીના કાંઠે વૃક્ષો વાવવાથી અને સફાઈથી પ્રદૂષણ ઓછું કરી શકાય છે. જો આપણે સૌ મળીને પ્રયાસ કરીએ, તો યમુના નદીને ફરીથી સ્વચ્છ અને પવિત્ર બનાવી શકાય.

**યમુના નદીનો માત્ર બે ટકા વિસ્તાર પાટનગર દિલ્હીમાંથી પસાર થાય છે. નવાઈની વાત એ છે કે આ નદીનું ૮૦ ટકા પ્રદૂષણ દિલ્હી દ્વારા થાય છે! જેને દૂર કરવા દિલ્હી સરકાર એડીચોટીનું જોર લગાવે છે પરંતુ નદીનું પ્રદૂષણ શા માટે ઘટતું નથી? આ સમસ્યાનો પણ ઉકેલ છે.**

## શબ્દ સંજોગ-૨૦૦૪



**આડી ચાવી :**
(૧) આસોપાલવનું એક નામ (૩)
(૩) ખેલ, ક્રિડા (૩)
(૬) એક તંતુ વાદ્ય (૩)
(૭) જીવવાળું (૩)
(૮) શિયાળાનું અંગ્રેજી કરો (૩)
(૧૦) ....સંક્રાતિ : એક પર્વ (૩)
(૧૨) શ્વાસનો એક રોગ (૨)
(૧૩) ઘણી કંપનીઓ દિવાળીમાં કર્મચારીઓને..... આપે છે (૩)
(૧૪) ગધેડો મારે (૨)
(૧૫) માગનાર યાચક જે ઉક્તિ બોલે તે (૩)
(૧૭) ઝાડ પર જ પાકેલુ ફળ (૨)
(૧૮) ફૂલ (૩)
(૧૯) વન, જંગલ (૩)
(૨૩) શિયાળામાં આને તો મહિલાઓ સાથે જ રાખે (૨)
(૨૪) જેસલ..... (૩)
(૨૬) .....કરો, આવડશે (૩)
(૨૭) દ્રષ્ટિ (૩)
(૨૮) જૂના જમાનાના એક જાણીતા ગાયક.......... મહેમુદ (૩)

**ઉભી ચાવી :**
(૧) કમળ (૪)
(૨) ઘટ, ખોટ (૩)
(૩) શુધ્ધ, એક જ જાતનું (આ-અ) (૪)
(૪) રંગની તીણી રેખા (૩)
(૫) સુવિધા, સગવડ (૪)
(૯) એક ફરસાણ (૪)
(૧૧) કસોટી (૨)
(૧૩) શબ્દ, હરફ (૨)
(૧૪) સો હજાર (૨)
(૧૬) મરઘીનું અંગ્રેજી કરો (૨)
(૧૭) સંકેત, ઈશારો (૨)
(૧૮) વિષ્ણુ ભગવાનનું ચક્ર (૪)
(૨૦) અભિનેતા (૨)
(૨૧) ગુજરાતનું એક ગામ (૪)
(૨૨) બળ, તાકાત (૨)
(૨૩) એક અટક (૨)
(૨૪) મદ, અભિમાન (૨)
(૨૫) આદત, ટેવ (૨)
(૨૬) એક સંખ્યા (૨)

## શબ્દ સંજોગ-૨૦૦૩ જવાબ

**આડી ચાવી:** (૧) ઉદય (૩) ભીમ (૫) કાકા (૬) તીસ (૭) હેરાન (૮) કશ (૯) સમ (૧૧) નલ (૧૩) અને (૧૫) ખોદાણ (૧૬) કોટવાલ (૧૮) પાટી (૧૯) વગર (૨૦) સાર (૨૧) અસર (૨૩) ખલક (૨૪) હાકેમ (૨૫) રમેશ (૨૬) નવલ.

**ઉભી ચાવી:** (૧) ઉગ્રેસન (૨) યતીમ (૪) મહેશ (૫) કાનસ (૮) કને (૧૦) મરાલ (૧૨) લખોટી (૧૩) અણવર (૧૪) ફેંટ (૧૬) કોર (૧૭) વાયસ (૧૮) પાનખર (૨૦) સાકર (૨૧) અમન (૨૨) રમલ (૨૪) હાશ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૧ | ૧૫૩૭ |
| ઘઉં લોકવન | ૪૯૨ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૬૨૫ | ૮૬૬ |
| બાજરી | ૪૦૦ | ૫૪૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૩૮૪ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૦૮૬ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૨૧૧૦ |
| અડદ | ૧૧૮૦ | ૧૫૧૫ |
| મગ | ૧૪૦૦ | ૧૯૭૫ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૯૦૦ |
| વટાણા | ૧૧૨૦ | ૧૭૦૫ |
| કળથી | ૯૦૦ | ૯૭૫ |
| રાજમા | ૮૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૨૦ |
| મગફળી જાડી | ૯૬૦ | ૧૦૮૨ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૪૭૪ |
| તલી | ૧૬૫૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૨૧ |
| અજમો | ૯૦૦ | ૧૫૩૦ |
| સુવા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૫૫ |
| કાળા તલ | ૨૯૫૦ | ૪૧૫૦ |
| લસણ | ૮૫૦ | ૧૬૨૫ |
| ધાણા | ૧૧૭૦ | ૧૪૯૦ |
| મરચા સુકા | ૭૦૦ | ૧૨૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૬૧૧ |
| વરીયાળી | ૧૦૮૦ | ૧૭૭૦ |
| જીરૂ | ૩૭૭૦ | ૪૧૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૩૯૫ |
| મેથી | ૮૧૫ | ૧૨૩૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રજકાનું બી | ૩૯૭૦ | ૪૯૦૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૨૦૦૦ |
| સાકરટેટી | ૧૦૦ | ૩૦૦ |
| તરબુચ | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૧ | ૧૯૦ |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૨૪૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૮૦૦ |
| દુધી | ૪૦ | ૧૧૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૫૦ | ૭૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૨૫૦ | ૪૨૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ગલકા | ૮૦ | ૨૫૦ |
| બીટ | ૧૫૦ | ૩૦૦ |
| મેથી | ૪૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૪૫૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૨૭૦ |
| ગુંદા | ૨૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૯૯ | ૧૫૫૪ |
| શિંગ મઠડી | ૮૪૩ | ૧૦૨૦ |
| શિંગ દૃદ્દ નં. | ૯૫૬ | ૯૫૬ |
| ગીરનાર શીંગ | ૧૦૨૪ | ૧૧૦૭ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૦૬૩ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૧૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૪૦૦૫ |
| તલ કાશ્મીરી | ૧૫૫૦ | ૨૦૭૦ |
| બાજરો | ૩૬૫ | ૫૨૧ |
| જુવાર | ૪૫૫ | ૪૫૫ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૧૮ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૧ |
| મગ | ૧૫૯૫ | ૧૬૭૦ |
| ચણા | ૯૫૬ | ૧૦૭૮ |
| ચણા દેશી | ૧૦૬૭ | ૧૧૦૪ |
| સફેદ ચણા | ૧૦૬૭ | ૧૦૯૧ |
| છોલે ચણા | ૧૧૨૬ | ૧૩૫૬ |
| તુવેર | ૧૧૨૫ | ૧૩૩૫ |
| એરંડા | ૯૯૦ | ૧૧૯૬ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૮૦૫ |
| રાયડો | ૯૭૦ | ૯૯૦ |
| રાઈ | ૧૦૧૦ | ૧૦૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૯૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૪૦ |
| મેથી | ૭૧૦ | ૮૬૬ |
| સોયાબીન | ૭૮૦ | ૮૨૮ |
| કાંગ | ૨૫૦ | ૫૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૪૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૨૫૦ |
| ગુંદા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| પાકી કેરી | ૬૦૦ | ૧૨૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૯૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૩૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ | ૧૫૦ | ૨૦૦ |
| લીબું | ૮૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૨૬ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૫૮૧ |
| સિંગદાણા જાડા | ૧૧૭૧ | ૧૬૦૦ |
| સિંગ ફાડીયા | ૯૩૧ | ૧૩૪૬ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૧૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૧૧૧ |
| કલંજી | ૧૫૦૧ | ૩૯૬૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૨૬૧ |
| ડુંગળી લાલ | ૧૬ | ૨૧૧ |
| અડદ | ૭૩૧ | ૧૫૨૧ |
| તુવેર | ૯૫૧ | ૧૩૯૧ |
| રાય | ૧૦૨૧ | ૧૦૬૧ |
| મેથી | ૬૦૦ | ૯૯૧ |
| કાંગ | ૩૦૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૩૧ | ૧૫૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૯૧ |
| મગફળી નવી | ૯૩૬ | ૧૨૦૧ |
| ઇસબગુલ | ૧૨૨૧ | ૧૫૬૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ડુંગળી સફેદ | ૩૦ | ૭૪ |
| બાજરો | ૩૦૧ | ૫૧૧ |
| જુવાર | ૪૦૧ | ૭૫૧ |
| મગ | ૧૫૦૦ | ૧૯૮૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૮૬ |
| વાલ | ૫૦૧ | ૧૦૦૧ |
| વાલ પાપડી | ૨૫૧ | ૧૨૭૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૬૧૧ |
| ગોગળી | ૬૦૦ | ૧૦૫૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૫૦ | ૩૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૮૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૮૦ | ૫૦૦ |
| ગાજર | ૮૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૮૦ | ૭૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| લીલી હળદર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૮ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ચુરણ | ૧૩૮૦ | ૧૬૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૩૦ |
| બીટ પુરા | ૬ | ૧૫ |
| સરગવો પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| વાલોર | ૬૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૩૦૦૦ | ૪૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| મગફળી | ૮૩૧ | ૯૫૧ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૮૪ |
| ચણા | ૯૮૫ | ૧૦૭૧ |
| ધાણા | ૧૨૧૬ | ૧૨૫૨ |
| તુવેર | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ફાડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૨૮૫૧ |
| કલોંજી | ૨૯૮૫ | ૨૯૮૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૧૧ | ૧૪૭૫ |
| મગફળી | ૮૭૬ | ૯૦૦ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૬૮ |
| જુવાર સફેદ | ૭૫૬ | ૭૫૬ |
| તલ સફેદ | ૧૮૩૦ | ૧૮૩૦ |
| સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |
| તુવેર | ૧૨૬૦ | ૧૨૬૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| શીંગ દાણા | ૧૬૫૨ | ૧૬૫૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૪૬ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૬૯ | ૪૯૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| મકાઈ | ૩૦૫ | ૩૦૫ |
| ધાણા | ૧૦૨૫ | ૧૧૨૫ |
| શીંગફાડા | ૧૧૯૫ | ૧૨૧૦ |
| મગફળી | ૮૮૦ | ૯૮૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૭૦ | ૭૫૦ |
| મેથી | ૬૬૫ | ૬૬૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૩૫ |
| કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૭૦ |
| મગફળી જી ૨૦ | ૯૭૫ | ૧૦૨૫ |
| જીરૂ | ૩૪૯૦ | ૩૯૮૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૧૯૯૦ |
| ચણા | ૧૦૫૪ | ૧૦૯૦ |
| તલ કાળા | ૩૧૪૦ | ૩૫૯૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૮૯૧ | ૧૦૦૮ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૨૩૪૫ |
| તલ પીળા | ૧૮૭૬ | ૨૦૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૪ |
| જુવાર | ૫૦૦ | ૯૫૦ |
| મકાઈ | ૪૬૫ | ૪૬૫ |
| મગ | ૧૩૦૦ | ૧૬૫૧ |
| ચણા | ૮૪૦ | ૧૧૧૨ |
| સુવા | ૯૭૬ | ૯૭૬ |
| સોયાબીન | ૭૭૯ | ૭૭૯ |
| **જામનગર** | | |
| જુવાર | ૨૩૫ | ૭૪૫ |
| બાજરો | ૪૦૦ | ૫૪૫ |
| ઘઉં | ૪૩૦ | ૪૯૨ |
| મગ | ૧૨૦૦ | ૧૭૫૫ |
| અડદ | ૧૪૪૫ | ૧૬૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૩૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૭૪૦ |
| વાલ | ૩૦૦ | ૫૫૦ |
| મેથી | ૮૫૦ | ૧૦૫૯ |
| મકાઈ | ૩૦૦ | ૪૬૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૮૧૦ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૦૮૫ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૦૯ |
| તલ | ૧૩૦૦ | ૨૧૨૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૨૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૬૪ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| લસણ | ૬૦૦ | ૧૧૮૨ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૮૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૨૫ |
| અજમો | ૧૨૧૫ | ૨૯૮૫ |
| ધાણા | ૯૦૦ | ૧૪૫૫ |
| ડુંગળી | ૨૦ | ૨૨૫ |
| મરચા | ૩૯૫ | ૧૨૦૫ |
| ઈસબગુલ | ૧૦૦૦ | ૧૭૪૦ |
| સોયાબીન | ૭૩૦ | ૮૦૦ |
| રાજમા | ૫૫૦ | ૧૪૭૫ |
| **મહુવા** | | |
| શીંગ નં.૩૯ | ૯૦૦ | ૧૧૦૨ |
| મગફળી જી-૩૨ | ૯૫૦ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૦૩૫ |
| જુવાર | ૨૫૮ | ૭૬૮ |
| બાજરી | ૩૭૧ | ૬૧૯ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૭૪ |
| મકાઈ | ૩૦૬ | ૩૦૬ |
| અડદ | ૮૫૦ | ૧૦૫૦ |
| મગ | ૧૨૭૦ | ૧૫૧૦ |
| મેથી | ૫૭૦ | ૯૮૦ |
| સોયાબીન | ૭૬૩ | ૭૮૨ |
| ચણા | ૭૦૦ | ૧૦૮૨ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૫૨ |
| તલ કાળા | ૧૭૫૦ | ૩૭૧૬ |
| તુવેર | ૧૦૫૧ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૮૦૧ |
| ડુંગળી લાલ | ૫૩ | ૨૬૩ |
| ડુંગળી સફેદ | ૨૧ | ૧૬૬ |
| નાળીયેર | ૬૦૩ | ૨૪૭૭ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૫ |
| મગ | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૫૦ |
| મગફળી | ૬૦૦ | ૯૭૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૯૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૨૧ | ૧૦૭૮ |
| મગફળી ૩૨ નં. | ૯૧૧ | ૧૦૭૬ |
| બાજરો | ૪૦૦ | ૬૦૯ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૦ |
| મેથી | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર | ૫૦૦ | ૮૧૪ |
| ચોળી | ૧૦૦૦ | ૧૭૭૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૧૦ |
| મગ | ૧૧૫૦ | ૧૮૩૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૬૮ |
| તલ | ૧૨૦૦ | ૧૯૮૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૦૦ |
| સોયાબીન | ૭૨૧ | ૮૧૯ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૨ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૪૧૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ચોટીલા 'લવ જેહાદ' મામલો : ગૃહમંત્રી હર્ષ સંઘવીને 'હિન્દ રક્ષક સંઘ' દ્વારા ફરિયાદ

ચોટીલા, તા.૨૧



ચોટીલાની એક હિન્દુ યુવતીને સુરેન્દ્રનગરના વઢવાણના એક વિધર્મી દ્વારા 'લવ જેહાદ'માં ફસાવી ભગાડી જવાના કિસ્સામાં 'હિન્દ રક્ષક સંઘ' દ્વારા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને આવેદનપત્ર પાઠવી ફરિયાદ કરવામાં આવી છે. યુવતીની ઘરવાપસી ન થતા આ મામલો વધુ ગંભીર બન્યો છે. યુવતીની માતાના નિવેદન મુજબ, યુવતી ઘરેથી લાખોના સોનાના દાગીના અને રોકડ રકમ લઈને ગઈ છે. ઉપરાંત, તેના બેંક ખાતામાંથી પણ થોડા સમય અગાઉ લાખો રૂપિયા આ વિધર્મીના નામે ટ્રાન્સફર થયા હોવાનું જણાયું છે. 'હિન્દ રક્ષક સંઘ'ના સંસ્થાપક રાષ્ટ્રીય અધ્યક્ષા ડૉ. સીમાબેન પટેલ, ગુજરાત પ્રદેશ સચિવ કેતનભાઈ સંઘવી, સૌરાષ્ટ્ર પ્રદેશ એડવોકેટ સેલના ત્રિવેણીબા રાઠોડ, ચોટીલાના ગૌરક્ષક હરેશભાઈ ચૌહાણ, દેવભાઈ અને અન્ય સનાતનીઓ આ આવેદનપત્ર આપવા હાજર રહ્યા હતા.

# બાબરા-સોમનાથ બસના સમયમાં ફેરફાર કરીને વેરાવળ સુધી લંબાવવા માગણી

અમરેલી, તા.૨૧

અમરેલી એસ.ટી. ડેપો દ્વારા અમરેલી-બાબરા અને ત્યાંથી બાબરા-સોમનાથ વાયા ચિત્તલ ચલાલા ખાંભા બેડીયા ધોકડવા ઉના કોડીનાર પ્રાચીની બસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્થાનિક જાગૃત નાગરિક અજીતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આ બસ સેવાનો સમય પ્રતિકૂળ હોવાની સાથે અન્ય બસો પણ તેના સમાંતર દોડતી હોવાથી આ બસને પૂરતાં પેસેન્જર મળતા નથી. આ બસ કોડીનારથી અમરેલી જવા વહેલી સવારે એકમાત્ર બસ તથા અમરેલીથી કોડીનાર આવવા માટે સાંજે એકમાત્ર બસ હોવાથી તે કાયમી ધોરણે શરૂ રહે તે ખૂબ જ જરૂરી છે. વળી આ બસ સેવાને સોમનાથથી વેરાવળ સુધી લંબાવવી પણ અત્યંત જરૂરી છે. સોમનાથથી વેરાવળનું અંતર માત્ર છ કિલોમીટર જ છે. ઉના કોડીનારથી સાંજના સમયે સોમનાથ કરતા વેરાવળ જતા લોકોની સંખ્યા વધારે હોય વેરાવળ જતાં લોકો આ બસનો લાભ લેતા નથી.

# ઉના નજીક નેશનલ હાઈવે પર રોંગ સાઈડ ટ્રેક્ટરની ટક્કરે બાઈકચાલક ગંભીર ઈજાગ્રસ્ત

ઉના, તા.૨૧


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના માઢ ગામ નજીક નેશનલ હાઈવે પર રોંગ સાઈડમાં આવતા ટ્રેક્ટરે બાઈકને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકનો ભુક્કો બોલી ગયો હતો અને બાઈકચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉના સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે સમયસર સારવાર મળતા ચાલકનો જીવ બચી ગયો હતો. આ વિસ્તારમાં ખાનગી કંપનીઓ દ્વારા થતી ખનન પ્રવૃત્તિને કારણે ડમ્પર અને ટ્રેક્ટર નેશનલ હાઈવે પર બેફામ અને રોંગ સાઈડમાં દોડતા હોવાથી અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. લોકોની સલામતી જોખમાઈ રહી હોવાથી પોલીસ દ્વારા સીમાસી ગામથી કેસરિયા સુધીના નેશનલ હાઈવે પર નિયમિત પેટ્રોલિંગ કરી રોંગ સાઈડમાં દોડતા વાહનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ દ્વારા વિશ્વ મધમાખી દિવસની ઉજવણી

ગીર સોમનાથ,તા.૨૧



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ દ્વારા ૨૦ મેના રોજ વિશ્વ મધમાખી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ, જે દર વર્ષે સમગ્ર વિશ્વમાં મધમાખીઓના સંરક્ષણ અને પર્યાવરણમાં તેમના યોગદાન અંગે જાગૃતિ લાવવા માટે મનાવાય છે, તેની ઉજવણી વેરાવળ તાલુકાના ચમોડા ગામ ખાતે જેઠાભાઈ રામના મધુવન મધમાખી ફાર્મ ખાતે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ, અંબુજા ફાઉન્ડેશન અને કૃષિ વિકાસ સહકારી સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. ગીર સોમનાથ જિલ્લાના FPO (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન) ના ખેડૂતોને મધમાખી ઉછેર અને નાળિયેરીની ખેતી વિશે વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી.

આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથના સિનિયર સાયન્ટિસ્ટ અને હેડ જીતેન્દ્ર સિંહ, પાક સંરક્ષણના વિષય નિષ્ણાત રમેશ રાઠોડ, બાગાયત વિભાગના અધિકારીઓ, FPO ના નયન સોલંકી, જગદીશ જોટવા તથા અન્ય સ્ટાફ મિત્રો અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# રાજ્યમાં જળસંચય ક્ષમતા વધારવા વધુ ગ્રાન્ટ માટે જોગવાઈ

ગાંધીનગર,તા.૨૧



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જળ એ જ જીવનના સૂત્રના મહત્વને સમજીને "જળસંચય"ને પ્રાધાન્ય આપ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં જિલ્લામાં જળસંચયને લગતા વિકાસ કાર્યો વધુ સારી રીતે થઈ શકે તેવા હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે હેઠળ ધારાસભ્યોને મતવિસ્તાર દીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી જળસંગ્રહ ક્ષમતા વધારવાના અને "કેચ ધ રેઈન" દ્વારા ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો થાય, રેઈન વૉટર હાર્વેસ્ટિંગ થાય તેવા સામૂહિક વિકાસના કામો માટે રૂ.૫૦ લાખની લઘુત્તમ રકમ વપરાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગામ તળાવો અને સીમ તળાવો ઊંડા અને છીદ્રાળુ કરવાની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યોને ગ્રાન્ટમાંથી ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. જળસંચયના સૂચવાયેલા વિકાસ કાર્યોમાં એક કામ માટે રૂ. ૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે. ધારાસભ્યોને પોતાની ગ્રાન્ટમાંથી સૂચવી શકે તેવા વધારાના કામોની અદ્યતન સૂચીમાં "જળસંચય"ના કામોની સૂચી તૈયાર કરવામાં આવી છે. જેમાં ગામના તળાવોને ઊંડા કરવાના તથા તળાવમાં પાણી ભરવા માટેના વોકળા, ગટર, નાળીયા ઊંડા ઉતારવાના અને સિંચાઈના કામ, ચેકડેમના કામ, સરકારી બિલ્ડીંગ ઉપર વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટિંગને લગતા કામ, ગામના પીવાના પાણીના કૂવા ઊંડા ઉતારવા, બાંધવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરવાલક્ષી સુધારણાના કામો કરવામાં આવશે.

# 'ઓપરેશન સિંદૂર' માં ભારતીય સેનાના શૌર્યને બિરદાવવા ઉનામાં તિરંગા યાત્રા યોજાઈ

ગીર સોમનાથ,તા.૨૧




'ઓપરેશન સિંદૂર' દ્વારા સેનાના આ અપ્રતિમ સાહસ અને શૌર્યને બિરદાવવા માટે ગીર સોમનાથ જિલ્લાના ઉના ખાતે એક તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા ઉના ચેમ્બર ઓફ કોમર્સ તેમજ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે. સી. રાઠોડ) ના સહયોગથી યોજાઈ હતી. ઉના નગરપાલિકા ભવનથી શરૂ થયેલી આ યાત્રા ત્રિકોણ બાગ, ટાવર ચોક, મેઈન બજાર, વડલા ચોક, બસ સ્ટેન્ડ થઈને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના કાર્યાલયે સંપન્ન થઈ હતી. યાત્રા પૂર્ણ થયા બાદ તમામ કાર્યકર્તાઓ અને વેપારી ભાઈઓને ઠંડા પીણા પીવડાવીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ઢસામાં પીજીવીસીએલના તંત્રથી લોકો અને ખેડૂતો ત્રાહિમામ પોકારી ગયા

બાબરા, તા.૨૧

**ખેડૂતોને ધમકીઓ આપીને ઓફિસમાંથી કાઢી મુકવામાં આવે છે તેવો આક્ષેપ**

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસામાં પીજીવીસીએલ તંત્ર સામે સ્થાનિક લોકો અને ખેડૂતો ઉગ્ર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. જાણે કે કોઈ રણીધણી ન હોય તેમ અધિકારીઓ મનફાવે તેવું વર્તન કરી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, પીજીવીસીએલના નાયબ ઈજનેર જાણે તંત્ર તેમનું પોતાનું હોય તેવો લોકો સાથે વ્યવહાર કરે છે. રજૂઆત કરવા આવી રહેલા ખેડૂતોને ધમકીઓ આપીને ઓફિસમાંથી કાઢી મુકે છે. લોકો આવા અધિકારીઓના ત્રાસથી કંટાળ્યા છે. આવા બેજવાબદાર અધિકારીઓને કોણ છાવરે છે તેવા પ્રશ્નોની ચર્ચા લોકોમાં અને ખાસ તો ખેડૂતોમાં થઈ રહી છે.

# ગીર સોમનાથ જિલ્લામાં "વર્લ્ડ હાઈપરટેન્શન ડે ૨૦૨૫"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગીર સોમનાથ,તા.૨૧



ભારત સરકાર દ્વારા દેશમાં દર વર્ષે તા. ૧૭ મેના રોજ "વિશ્વ હાઈપરટેન્શન દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લામાં પણ એસ.ટી. ડેપો, સિવિલ હોસ્પિટલ સહિતના સ્થળોએ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હાઈપરટેન્શન વિશે જાગૃતિ લાવવા માટે તા.૧૭ મેથી તા.૧૬ જૂન સુધી "વર્લ્ડ હાઈપરટેન્શન ડે ૨૦૨૫"ની ઉજવણી કરીને વિવિધ માધ્યમથી હાઈપરટેન્શન અને તેના નિવારણ વિશે જિલ્લામાં લોક જાગૃતિ ફેલાવાશે. ગીર સોમનાથના તમામ આરોગ્ય કેન્દ્ર, જિલ્લા હોસ્પિટલમાં યોગ્ય ખાનપાન, સુનિયોજીત ડાયેટ, કસરત અને યોગ દ્વારા તંદુરસ્તી, પ્રાણાયામ, સ્વસ્થ જીવનશૈલી વગેરે મુદ્દાઓ પર લોકજાગૃતિ લાવવા પ્રયત્ન કરાશે. આ કાર્યક્રમ અંતર્ગત મેરેથોન, સાયકલ રેલી, જાહેર સ્થળોએ એકટીવીટી તેમજ ડાયાબિટીસ, હાઈપરટેન્શન સ્ક્રીનિંગ કેમ્પ યોજાશે.

# કોડીનાર એસ.ટી. ડેપોમાં હાઈપરટેન્શન દિવસ નિમિત્તે ડાયાબિટીસ, બીપી નિદાન કેમ્પ યોજાયો

કોડીનાર, તા. ૨૧


તસવીર : ધર્મેશ પાઠક

જિલ્લા આરોગ્ય વિભાગ ગીર સોમનાથ તથા જિલ્લા એનસીડી સેલ ગીર સોમનાથના માર્ગદર્શન હેઠળ એનસીડી વિભાગ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કોડીનાર દ્વારા એસ.ટી. ડેપો કોડીનાર ખાતે એસ.ટી. કર્મચારીઓ તથા મુસાફર જનતાની આરોગ્ય તપાસ અંતર્ગત બ્લડ સુગર તથા બ્લડપ્રેશર ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હીનાબેન વાળા, પુષ્પાબેન બારીયા, જગદીશભાઈ બારડ, દીપીકાબેન જાદવે સેવા આપી હતી. આ કેમ્પનો એકસોથી વધુ લોકોએ લાભ લીધો હતો. ચકાસણી દરમિયાન સત્તર લોકોને વધુ સારવાર માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર કોડીનાર ખાતે રીફર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન કમલેશભાઈ વાઢેળ તથા અજીતભાઈ ચાવડાએ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, એચઆઈવી, ટીબી રોગની જાણકારી માટે પત્રિકાઓનું વિતરણ તથા આઈ સી એક્ઝિબિશન કર્યું હતું.

# વેરાવળ એસ.ટી. ડેપો ખાતે વ્યસન મુક્તિ માર્ગદર્શન સેમિનાર યોજાયો

ઉના, તા. ૨૧


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા વેરાવળ એસ.ટી. ડેપોમાં 'સેન્સીટાઈઝેશન વર્કશોપ' યોજાયો હતો. જેમાં વ્યસન મુક્તિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં તમામ મેકેનિક સ્ટાફ, ડ્રાઈવર, કન્ડક્ટર, વહીવટી સ્ટાફ, એપ્રેન્ટિસ સ્ટાફને પેસિવ સ્મોકિંગથી થતાં નુકસાન તેમજ તમાકુ વિરોધી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સી.ઓ.ટી.પી.એ-૨૦૦૩ કાયદા વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં જિલ્લા તમાકુ નિયંત્રણ સેલમાં ફરજ બજાવતા સોશિયલ વર્કર દ્વારા ઉપસ્થિત સર્વેને વ્યસન મુક્તિ અંગે માર્ગદર્શન આપી અને એપ્રેન્ટિસ અને મેકેનિક સ્ટાફને પ્રોત્સાહક ગિફ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ ભાવનગર સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો જેસર તાબાના જેસર ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૬૧/૧ ના પ્લોટ નં. ૧૫ ની કુલ ૮૧-૯૦ ચો. મી. તથા પ્લોટ નં. ૩૭ ની કુલ ૧૩૪-૪૪ ચો. મી. ની કુલ ૨૧૬-૩૪ ચો. મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ દીપકભાઈ કરમશીભાઈ ઝાલા ની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ અમારી ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૨૫૬૩, તા. ૨૬/૫/૨૦૦૮ ના રોજ મધુભાઈ મોહનભાઈ ખુંટ પાસેથી મનસુખભાઈ ઝાલાતથા દીપકભાઈ ઝાલા એ વેચાણે રાખેલ છે તે અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હક્ક ફ્હત સંબધ હોય તો તે હક-હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈપણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અજય જે. રાઠોડ**
**એડવોકેટ**
જુના માર્કટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ, કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

**તા.૨૨/૫/૨૦૨૫**
**અમરેલી.**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૭૩/૨૦૨૫

**અરજદાર :-** શ્રી હંસાબેન વલ્લભભાઈ વિકાણી W/O જાગાભાઈ બાલુ
રે.મુ. ઘોડાસણ, તા.વિસાવદર, જી.જુનાગઢ

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. દેવરાજીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવરાજીયા ગામમાં અરજદારશ્રી હંસાબેન વલ્લભભાઈ વિકાણી W/O જાગાભાઈ બાલુ તેઓના નાનાભાઈ મગનભાઈ વલ્લભભાઈ વિકાણી ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૧)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૭૦/૨૦૨૫

**અરજદાર :-** શ્રી બાબુભાઈ જીવરાજભાઈ લક્કડ
મુ. લાપાળીયા, તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. લાપાળીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના લાપાળીયા ગામમાં અરજદારશ્રી બાબુભાઈ જીવરાજભાઈ લક્કડ તેઓના માતા પાનબાઈબેન જીવરાજભાઈ લક્કડ ની મરણ (તા.૨૨/૦૧/૧૯૮૦)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૧/૨૫ — તા.૧૨/૦૫/૨૦૨૫

**વિવાદી :-** **શ્રી વર્ષાબેન હસમુખરાય ગાંધી**
**ઠે.મુ.ગાંધીશેરી, મહિલા લાયબ્રેરી સામે, મુ.દામનગર, તા.લાઠી**
**મો.૭૭૭૭૯૩૪૪૧૧**
**C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી પી.એચ.જોષી**
**તાલુકા પંચાયત સામે, લાઠી મો.૯૪૨૬૯૭૬૩૩૧**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચિફ ઓફીસરશ્રી, નગરપાલીકા દામનગર તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રી વર્ષાબેન હસમુખરાય ગાંધી નો જન્મ તા.૧૬/૦૬/૧૯૬૩ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૪/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# ગાઝીપુરમાં હાઈ ટેન્શન વાયરના સંપર્કમાં આવતા ૪ લોકોના મોત

(એચ.એસ.એલ),ગાઝીપુર,તા.૨૧

ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લામાંથી એક દુઃખદ અકસ્માતના સમાચાર આવી રહ્યા છે. નરવર ગામમાં કાશીદાસ બાબાની પૂજાની તૈયારી કરતી વખતે એક વ્યક્તિ હાઈ ટેન્શન વાયરના સંપર્કમાં આવતા એક મોટો અકસ્માત સર્જાયો હતો. પૂજા સ્થળ પર લીલો વાંસ વાવતી વખતે, તે ઉપરથી પસાર થતા હાઈ ટેન્શન વાયરને સ્પર્શી ગયો, જેના કારણે કરંટ ફેલાયો અને ઘણા



યુવાનો ખરાબ રીતે દાઝી ગયા. આ અકસ્માતમાં ૪ લોકોના મોત થયા છે.

ખરેખર, આ ઘટના ગાઝીપુરના મરદાહ પોલીસ સ્ટેશન વિસ્તારના નરવર ગામમાંથી પ્રકાશમાં આવી છે. આ અકસ્માતમાં ચાર યુવાનોના મોત થયા હતા. જ્યારે ૨ ની હાલત ગંભીર છે. વાંસ વીજળીના સંપર્કમાં આવતાની સાથે જ તેમાં આગ લાગી ગઈ અને ઘટનાસ્થળે અફડાતફડી મચી ગઈ. લગભગ ૭-૮ યુવાનો પૂજા માટે વાંસ વાવી રહ્યા હતા ત્યારે તેઓ હાઈ ટેન્શન વાયરના સંપર્કમાં આવ્યા. એસપી ગાઝીપુરે જણાવ્યું કે ૪ લોકોના મોત થયા છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગાઝીપુરમાં થયેલી આ ઘટનાની નોંધ લીધી છે અને વીજળીના કરંટથી થયેલ જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. સીએમ યોગીએ ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં મોકલ્યા અને જિલ્લા વહીવટી અધિકારીઓને તેમને યોગ્ય સારવાર આપવાનો નિર્દેશ આપ્યો. આ સાથે, તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી.

# કર્ણાટકમાં કાર અને બસ વચ્ચે ભયાનક માર્ગ અકસ્માત, ૬ લોકોના કરૂણ મોત

બેંગ્લુરૂ,તા.૨૧

કર્ણાટકમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આમાં છ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. વિજયપુરા જિલ્લાના મંગોલી નજીક કાર અને બસ વચ્ચે સામસામે ટક્કર થવાને કારણે આ દુઃખદ અકસ્માત સર્જાયો હતો. એસયુવી કાર સોલાપુર જઈ રહી હતી, તે દરમિયાન તે મુંબઈ-બલ્લારી બસ સાથે અથડાઈ ગઈ. આ અકસ્માત દરમિયાન,




એસયુવીમાં સવાર પાંચ મુસાફરો અને બસ ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે. ટક્કર એટલી ગંભીર હતી કે કારના ટુકડા થઈ ગયા. કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ટક્કરનો અવાજ સાંભળીને લોકો ઘટના સ્થળે એકઠા થઈ ગયા, ત્યારબાદ તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. આ દુઃખદ અકસ્માત બાદ, ઘટના સ્થળે લોકોની મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી અને ટ્રાફિક જામ થઈ ગયો હતો, ત્યારબાદ પોલીસે ક્ષતિગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવીને ટ્રાફિક જામ દૂર કર્યો હતો. સ્થાનિક લોકોનું કહેવું છે કે આ ટક્કરનો અવાજ દૂર સુધી સંભળાયો હતો, ત્યારબાદ લોકો ત્યાં ભેગા થવા લાગ્યા હતા. તાજેતરના મહિનાઓમાં કર્ણાટકમાં માર્ગ અકસ્માતોમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે.

# પં.બંગાળમાં હિંસા હિન્દુઓ સામે કરવામાં આવી હતી, ટીએમસીના નેતાઓ સામેલ : ભાજપ

નવીદિલ્હી,તા.૨૧

વક્ફ (સુધારા) કાયદાના વિરોધ દરમિયાન ફાટી નીકળેલી મુર્શિદાબાદ હિંસાને સંભાળવા બદલ ભાજપે મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની પશ્ચિમ બંગાળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. પાર્ટીના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ફેક્ટ-ફાઈન્ડિંગ એસઆઈટી રિપોર્ટમાં હિન્દુઓ પ્રત્યે સરકારની ક્રૂરતાનો ખુલાસો થયો છે.

તેમણે કહ્યું કે હિંસા અંગેના એસઆઈટી રિપોર્ટમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે હિંસા હિન્દુઓ વિરુદ્ધ કરવામાં આવી હતી અને ટીએમસીના નેતાઓ તેમાં સામેલ હતા. હિંસા દરમિયાન પોલીસની ભૂમિકા પર સવાલ ઉઠાવતા, સુધાંશુ ત્રિવેદીએ તેમના પર ટીએમસી નેતાઓની કાર્યવાહીને અવગણવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું, પોલીસનું વલણ હિંસા રોકવાને બદલે ટીએમસી નેતાઓની કાર્યવાહીને અવગણવાનું લાગે છે.

# શિક્ષા યોજના અંગેનો વિવાદ હવે સુપ્રીમમાં પહોંચ્યો, તમિલનાડુ સરકારે કેન્દ્ર વિરૂધ્ધ અરજી દાખલ કરી

નવીદિલ્હી,તા.૨૧

તમિલનાડુ સરકારે સમગ્ર શિક્ષા યોજના હેઠળ ભંડોળ રોકવા બદલ કેન્દ્ર સરકાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનના નિર્દેશ મુજબ, તમિલનાડુ રાજ્યએ સમગ્ર શિક્ષા યોજના પર કલમ ૧૩૧ હેઠળ કેન્દ્ર સરકાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. આ સમગ્ર





મામલા વિશે માહિતી મુજબ, કેન્દ્ર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં તમિલનાડુ સરકારે દાખલ કરેલી અરજીમાં ૨,૨૯૯ કરોડ ૩૦ લાખ ૨૪ હજાર ૭૬૯ રૂપિયાની વસૂલાત માટે અપીલ કરવામાં આવી છે. ઉપરાંત, મૂળ રકમ પર વાર્ષિક ૬% ના દરે વ્યાજ ચૂકવવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી હતી કે એનઈપી અને પીએમ શ્રી સ્કૂલ યોજના તમિલનાડુ રાજ્ય માટે બંધનકર્તા નથી, જ્યાં સુધી રાજ્ય સરકાર પોતે તેનો અમલ ન કરે. તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે કે "પ્રતિવાદીને તેના નિર્દેશોનું પાલન કરવાનું અને તેનો અમલ કરવાનું ચાલુ રાખવાનો નિર્દેશ આપવો જોઈએ.

# વકીલો રજાઓ પર કામ કરવા માંગતા નથી, પરંતુ કેસોના બેકલોગ માટે ન્યાયતંત્ર જવાબદાર : સીજેઆઈ ગવઈ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૧

ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ બુધવારે કહ્યું હતું કે વકીલો રજાઓ દરમિયાન કામ કરવા માંગતા નથી પરંતુ કેસોના બેકલોગ અને પેન્ડિંગ માટે ન્યાયતંત્રને દોષી ઠેરવવામાં આવે છે. મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ઉનાળાના વેકેશન પછી અરજીની યાદી બનાવવાની વિનંતી કરી ત્યારે તેઓ નારાજ થયા હતા.



પહેલા પાંચ ન્યાયાધીશો રજાઓ દરમિયાન પણ કામ કરી રહ્યા છે, છતાં અમને બેકલોગ માટે દોષિત ઠેરવવામાં આવે છે. હકીકતમાં, તે વકીલો છે જે રજાઓ દરમિયાન કામ કરવા તૈયાર નથી.

# અમરનાથ યાત્રા સુનિશ્ચિત કરવા માટે કડક સુરક્ષા સાથે તમામ વ્યવસ્થા કરવા લેફ. ગવર્નરનો નિર્દેશ

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨૧

જમ્મુ અને કાશ્મીર સરકારે ૩ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે તૈયારીઓ તેજ કરી દીધી છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ મંગળવારે શ્રીનગરમાં યુનિફાઇડ કમાન્ડની બેઠક યોજી હતી જેમાં રાજ્યની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમણે સુરક્ષા એજન્સીઓને આતંકમુક્ત



અમરનાથ યાત્રા સુનિશ્ચિત કરવા માટે કડક સુરક્ષા સાથે તમામ વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો હતો.

આતંકવાદીઓ અને તેમના ઓજીડબ્લ્યુ સામે કડક કાર્યવાહી કરીને આતંકવાદી નેટવર્કનો સંપૂર્ણ નાશ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ઉપરાજ્યપાલે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને આતંકવાદીઓના નાપાક ઈરાદાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવવા બદલ સશસ્ત્ર દળો, સુરક્ષા એજન્સીઓ અને જમ્મુ અને કાશ્મીર પોલીસને અભિનંદન આપ્યા હતા. સિંહાએ કહ્યું કે રાજ્યના દરેક ખૂણામાં આતંકવાદના માળખાને કાયમી ધોરણે નષ્ટ કરવાની અમારી પ્રાથમિકતા છે. સામાન્ય નાગરિકોને સંપૂર્ણ સુરક્ષાની ભાવના પૂરી પાડવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઉપરાજ્યપાલે સુરક્ષા ગ્રીડને મજબૂત બનાવવાની અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ સારા સંકલનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# વક્ફ ઈસ્લામનો આવશ્યક ભાગ નથી, મૂળભૂત અધિકાર તરીકે દાવો કરી શકાતો નથી : સરકારનો સુપ્રીમ કોર્ટમાં જવાબ

નવીદિલ્હી,તા.૨૧

કેન્દ્રએ બુધવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે વકફ એક ઈસ્લામિક ખ્યાલ છે પરંતુ તે ઈસ્લામનો આવશ્યક ભાગ નથી. તેથી, તેને બંધારણ હેઠળ મૂળભૂત અધિકાર તરીકે દાવો કરી શકાતો નથી. સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ (એસજી) તુષાર મહેતાએ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું



કે જ્યાં સુધી વકફને ઈસ્લામના આવશ્યક ભાગ તરીકે માન્યતા આપવામાં ન આવે ત્યાં સુધી બાકીના બધા નિષ્ફળ જાય છે. મહેતાએ કહ્યું, વકફ એક ઈસ્લામિક ખ્યાલ છે જેને નકારી શકાય નહીં, પરંતુ જ્યાં સુધી તેને ઈસ્લામના આવશ્યક ભાગ તરીકે સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી અન્ય દલીલોનો કોઈ અર્થ નથી. વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ને પડકારતી અરજીઓ પર કેન્દ્રનો આ પ્રતિભાવ છે. મહેતાએ કાયદાનો બચાવ કરતા કહ્યું કે કોઈપણ વ્યક્તિને સરકારી જમીન પર દાવો કરવાનો અધિકાર નથી, ભલે તેને વકફ તરીકે જાહેર કરવામાં આવી હોય. તેમણે કહ્યું કે, કોઈ પણ વ્યક્તિ સરકારી જમીન પર દાવો કરી શકે નહીં. સુપ્રીમ કોર્ટનો એક ચુકાદો છે જે કહે છે કે જો મિલકત સરકારની માલિકીની હોય અને તેને વકફ તરીકે જાહેર કરવામાં આવે, તો સરકાર તેનું રક્ષણ કરી શકે છે.

# બિહારમાં વેવાઈ-વેવાણ વચ્ચે પ્રેમ થતા બંને ભાગી છુટ્યા, રજિસ્ટ્રી ઓફિસ પહોંચતા પરિવારજનોએ ચપ્પલોથી માર્યા

સાસારામ,તા.૨૧

બિહારના સાસારામની રજિસ્ટ્રી ઓફિસની બહારના રસ્તા પર એક વિચિત્ર પરિસ્થિતિ સર્જાઈ હતી. જ્યારે ચાર બાળકોનો પિતા અને ત્રણ બાળકોની માતા લગ્ન કરવા માટે કોર્ટમાં પહોંચ્યા. માહિતી મળતાં જ બંને પક્ષના પરિવારના સભ્યો સાસારામ રજિસ્ટ્રી ઓફિસ પહોંચ્યા અને હોબાળો મચાવ્યો હતો. પરિવારના સભ્યોએ બંનેને ચપ્પલ અને જૂતાથી માર્યા હતા. આ ઘટના નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જૂના જીટી રોડ પર બની હતી.

મળતી માહિતી મુજબ, બંને સંબંધમાં સાસરિયા બનવાના હતા. શિવસાગર પોલીસ સ્ટેશન વિસ્તારના ધનવાના રહેવાસી દયાશંકર રામે પોતાની પુત્રીના લગ્ન નવી દિલ્હીના દાલમિયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ધર્મશીલા દેવીના પુત્ર સાથે નક્કી કર્યા હતા. આ દરમિયાન, છોકરીના પિતા દયાશંકર સિંહ અને છોકરાની માતા ધર્મશીલા બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. એવું કહેવાય છે કે બંનેએ ક્યાંક મંદિરમાં લગ્ન કર્યા હતા. આ દરમિયાન પરિવારના સભ્યોએ દયાશંકર રામને ચપ્પલથી માર મારવાનું શરૂ કર્યું હતું.

# પાકિસ્તાનના સિંધપ્રાંતમાં પાણીપ્રશ્ને ગૃહમંત્રીના ઘર પર પ્રદર્શનકારીઓનો હુમલો

ખૈબર પખ્તુનવા,તા.૨૧

પાકિસ્તાનમાં પાણીને લઈને હોબાળો મચી રહ્યો છે. સિંધ અને પંજાબ વચ્ચે પાણીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મામલો એટલો વધી ગયો કે, લોકો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા છે. સિંધ પ્રાંતના ગૃહમંત્રી ઝિયાઉલ હસન લંજરના ઘર પર પ્રદર્શનકારીઓએ હુમલો કર્યો છે. આ દરમિયાન, વિરોધીઓએ ઘરને પણ આગ ચાંપી દીધી હતી. પંજાબ અને સિંધ વચ્ચે પાણી વિતરણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મુદ્દા પર હિંસા ફાટી નીકળી હતી. બેકાબૂ ભીડે ગૃહમંત્રીના ઘરને નિશાન બનાવ્યું હતું. ગૃહમંત્રીના ઘર પર હુમલો કરનારા વિરોધીઓ બંદૂકો લઈને આવ્યા હતા. સમગ્ર વિસ્તારમાં તણાવનું વાતાવરણ છે. ગરમી વધવાની સાથે પાણીની સમસ્યા પણ વધી છે. પાણી અંગે ચાલી રહેલો વિવાદ હવે ઘણો વધી ગયો છે.

# અટારી બોર્ડર પર રિટ્રીટ સેરેમની શરૂ : ભારતીયોએ વંદે માતરમના નારા લગાવતા પાક. સૈનિકો દંગ

(એચ.એસ.એલ),ચંદીગઢ,તા.૨૧

પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ભારત દ્વારા ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું. ઓપરેશન સિંદૂરથી હતાશ થયેલા પાકિસ્તાને ભારત સાથે યુદ્ધ જેવી સ્થિતિ ઉભી કરી હતી. બંને દેશો વચ્ચેના તણાવને કારણે, અમૃતસરમાં અટારી-વાઘા બોર્ડર પર રિટ્રીટ સેરેમની બંધ કરવામાં આવી હતી. હવે પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ હોવાથી, મંગળવારે અટારી બોર્ડર પર ફરીથી રિટ્રીટ સેરેમની શરૂ કરવામાં આવી. જોકે, પહેલા



દિવસે રિટ્રીટની મુલાકાત લેનારા લોકોની સંખ્યા ૧,૦૦૦ થી ૧,૫૦૦ ની વચ્ચે હતી. અટારી બોર્ડર પર પહોંચેલા પ્રવાસીઓએ વંદે માતરમ અને ભારત માતા કી જયના નારા એટલા જોરથી લગાવ્યા કે પાકિસ્તાની રેન્જર્સ ભારતીયોનો ઉત્સાહ જોઈને દંગ રહી ગયા હતા.

# અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે લગાવેલા ટેરિફથી ભારતને કોઈ નુકસાન નહીં થાય : મૂડીઝ

નવીદિલ્હી,તા.૨૧

મૂડીઝ રેટિંગ્સે બુધવારે જણાવ્યું હતું કે યુએસ ટેરિફને કારણે ભારતને કોઈ નુકસાન થશે નહીં અને ભારતીય અર્થતંત્ર મજબૂત રહેશે. ભારતની વિશાળ સ્થાનિક અર્થવ્યવસ્થા, નિકાસ પર ઓછી નિર્ભરતા અને સ્થાનિક વપરાશ વધારવા, ઉત્પાદન ક્ષમતા વધારવા અને માળખાગત સુવિધાઓ પર ખર્ચ વધારવા માટે સરકારી પહેલ વૈશ્વિક વેપાર જોખમોને ઘટાડવામાં મદદ કરશે, મૂડીઝે જણાવ્યું




હતું. આનાથી ફુગાવો ઘટશે અને મજબૂત બેંકિંગ પ્રવાહિતાને ટેકો મળશે. ઉભરતા બજારો પરના તેના અહેવાલમાં, મૂડીઝે જણાવ્યું હતું કે યુએસ નીતિ ફેરફારો અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતના આંતરિક વિકાસ ચાલકો અર્થતંત્રને સ્થિરતા પ્રદાન કરી રહ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન અને ભારત વચ્ચેના તાજેતરના તણાવની ભારત કરતાં પાકિસ્તાનના વિકાસ પર વધુ નકારાત્મક અસર થવાની શક્યતા છે. કેન્દ્ર સરકારનો માળખાગત સુવિધાઓ પરનો ખર્ચ જીડીપી વૃદ્ધિને ટેકો આપી રહ્યો છે, જ્યારે વ્યક્તિગત આવકવેરામાં ઘટાડો વપરાશને વધારી રહ્યો છે. ભારતની વેપાર પર મર્યાદિત નિર્ભરતા અને તેનું મજબૂત સેવા ક્ષેત્ર યુએસ ટેરિફ માટે શમનકારક છે, અહેવાલમાં જણાવાયું છે. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે, જો વેપાર વાટાઘાટો અન્ય ઉભરતા બજારો કરતાં ભારત પર ઓછા ટેરિફ તરફ દોરી જાય છે, તો ભારતમાં બનેલા માલને પણ યુએસની વધતી માંગનો ફાયદો થઈ શકે છે. વૈશ્વિક અસ્થિરતા છતાં, ભારતના મજબૂત બેંકિંગ બજારો અને સ્થિર ક્રેડિટ સ્થિતિ તેની આર્થિક શક્તિ પર ભાર મૂકે છે.

# ઈઝરાયેલ ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કરશે તેવો અમેરિકી ગુપ્તચર એજન્સીનો સંકેત

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકી ગુપ્તચર એજન્સીઓએ સંકેત આપ્યો છે કે ઈઝરાયલ ટૂંક સમયમાં ઈરાન સામે ખતરનાક કાર્યવાહી કરવા જઈ રહ્યું છે. અમેરિકન ગુપ્તચર એજન્સીઓ અનુસાર, ઈઝરાયલ ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કરી શકે છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના યુએસ વહીવટીતંત્ર અને



ઈરાન વચ્ચે પરમાણુ કરાર અંગે રાજદ્વારી પ્રયાસો સતત તીવ્ર બની રહ્યા છે. સમાચાર એજન્સી સીએનએનએ ગુપ્તચર માહિતીથી પરિચિત અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે ઈઝરાયલે ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કરવા અંગે અંતિમ નિર્ણય લીધો નથી, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં આની શક્યતા નોંધપાત્ર રીતે વધી ગઈ છે. સીએનએન અનુસાર, ઈઝરાયલ હુમલો કરે છે કે નહીં તે ઈરાન પરમાણુ મુદ્દા પર ચાલી રહેલી યુએસ-ઈરાન વાટાઘાટો પર નિર્ભર રહેશે. જો આ કરાર ઈરાનના યુરેનિયમ સંવર્ધનને સંપૂર્ણપણે રોકવામાં નિષ્ફળ જાય, તો ઈઝરાયલી હુમલાની શક્યતા નોંધપાત્ર રીતે વધી જશે.

## સિંહની ૧૬મી વસ્તી અંદાજના આંકડા થયા જાહેર

# અમરેલી જિલ્લામાં સિંહ કરતાં સિંહણની સંખ્યા વધુ




અમરેલી,તા. ૨૧

ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાટિક સિંહની ૧૬મી વસ્તી અંદાજના આંકડા બુધવારે જાહેર થયા હતા. જે મુજબ રાજ્યમાં સાવજની સંખ્યા ૮૯૧ છે. મુખ્યમંત્રીએ આ આંકડા જાહેર કર્યા હતા. રાજ્યમાં ૫ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૩૨ ટકાનો વધારો થયો છે જેમાં ૧૯૬ નર સિંહ અને ૩૩૦ માદા સિંહનો સમાવેશ થાય છે, તો બીજી તરફ ૧૪૦ પાઠડા અને ૨૨૫ બાળ સિંહો છે. અમરેલી સહિત ૧૧જિલ્લામાં સાવજની ડણક સંભળાઈ રહી છે. આ વર્ષે તારીખ ૧૦થી ૧૩ મે દરમિયાન ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચોરસ કિ.મી. વિસ્તારમાં વનકર્મીઓ અને સરપંચો, ગ્રામજનો સહિત ૩૮૫૪નું માનવ બળ આ કામગીરીમાં જોડાયું હતું. સિંહની વસ્તી અંદાજના જાહેર થયેલા આંકડા પ્રમાણે, અમરેલીમાં સૌથી વધુ સિંહની વસ્તી નોંધાઈ હતી. અમરેલીમાં ૩૩૯, ગીર સોમનાથમાં ૨૨૨, જૂનાગઢમાં ૧૯૧, ભાવનગરમાં ૧૧૬, પોરબંદરમાં ૧૬, રાજકોટમાં ૬, દેવભૂમિ દ્વારકામાં ૧ મળી કુલ ૮૯૧ સિંહની સંખ્યા છે. વસ્તી અંદાજ દરમિયાન અમદાવાદ, બોટાદ, જામનગર, સુરેન્દ્રનગર જિલ્લામાં સિંહની હાજરી જોવા મળી નહોતી. વસ્તી અંદાજમાં સામે આવેલી વિગત પ્રમાણે, વસ્તીની સાથે સિંહનો રહેણાંક વિસ્તાર પણ વધ્યો હતો. ૧૯૯૦માં ૨૮૪ સિંહ હતા અને ૬૬૦૦ કિમીમાં ફેલાયેલા હતા. જે ૨૦૨૦માં ૬૭૪ અને ૩૦,૦૦૦ કિમી સુધી પહોંચ્યા હતા. ૨૦૨૫માં સિંહનો રહેણાંક વિસ્તાર ૩૫,૦૦૦ કિમી થયો હતો. સિંહની વસ્તીના અંદાજો મેળવવામાં મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વ્યક્તિગત ઓળખમાં મદદ થાય તે હેતુથી ફોટોગ્રાફ્સ લેવા માટે ડિજિટલ કેમેરા, કેમેરા ટ્રેપ્સ જેવા વિવિધ ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અમુક સિંહોને રેડિયો કોલર પણ પહેરાવવામાં આવ્યા હતા. જેથી તે સિંહ તેમજ તેના ગૃપનું લોકેશન મેળવવામાં મદદ મળી હતી.

**રાજ્યમાં ૫ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૩૨ ટકાનો વધારો**

### સાવરકુંડલા-લીલીયામાં વધારે છે વસ્તી

અમરેલી જિલ્લામાં સાવરકુંડલા-લીલીયામાં સિંહની વસ્તી વધારે હોવાનું સામે આવ્યું હતું. રાજુલા, જાફરાબાદ, નાગેશ્રીમાં ૧૮ સિંહ, ૩૮ સિંહણ, ૭-૭ પાઠડા સિંહ-સિંહણ, ૨૨ બચ્ચા મળી કુલ ૯૪ સિંહ નોંધાયા છે. જ્યારે સાવરકુંડલા-લીલીયા અને આસપાસના વિસ્તારમાં ૨૯ સિંહ, ૪૩ સિંહણ, ૧૦ પાઠડા સિંહ - ૧૫ સિંહણ, ૨૬ બચ્ચા મળી કુલ ૧૨૫ સિંહ નોંધાયા છે. બાબરા, જસદણ અને આસપાસના વિસ્તારમાં ૧-૧ સિંહ-સિંહણ, ૨ બચ્ચા મળી કુલ ૪ સાવજની હાજરી નોંધાઈ છે.

### રાજુલા-જાફરાબાદમાં સિંહની વસ્તીમાં ૪૦ ટકા વધારો

સિંહની વસ્તી ગણતરીના જાહેર થયેલા આંકડા મુજબ મિતિયાળા વાઈલ્ડ લાઈફ સેન્ચુરી અને આસપાસના વિસ્તારમાં સિંહની વસ્તી ૧૦૦ ટકા વધી છે. જ્યારે ગિરનારમાં ૪ ટકા ઘટી છે. રાજુલા-જાફરાબાદ-નાગેશ્રીમાં ૨૦૨૦માં સિંહની સંખ્યા ૬૭ હતી, જે ૨૦૨૫માં વધીને ૯૪ પર પહોંચી છે. આમ ૪૦ ટકાનો વધારો થયો છે. જ્યારે સાવરકુંજલા-લીલીયા અને આસપાસના વિસ્તારમાં ૨૦૨૦માં ૯૮ સિંહ નોંધાયા હતા અને તેમાં આ વર્ષે ૨૭નો વધારો થતાં સંખ્યા ૧૨૫ પર પહોંચી છે. અહીં ૨૮ ટકાનો વધારો થયો છે.

### ભાવનગરમાં જોવા મળ્યો અલભ્ય નજારો

રાજ્યમાં સિંહની વસ્તી ગણતરી દરમિયાન ભાવનગર નજીક અત્યાર સુધીનું સૌથી મોટું સિંહ કુટુંબ જોવા મળ્યું હતું. ૨૦ સભ્યોના આ શાહી પરિવારને ભાવનગરની ટીમે નોંધ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્રમાં એક ટીમ દ્વારા ૨૦ સિંહોનો બીજો સમૂહ જોવા મળ્યો હતો. રાજસ્થળી-વીરડી વિસ્તારમાં બે પુખ્ત સિંહ, છ સિંહણ અને ત્રણ મહિનાથી એક વર્ષ સુધીના આશરે ૧૩ બચ્ચાઓનો વિશાળ પરિવાર જોવા મળ્યો હતો. આ વિસ્તારમાં નવ સિંહનો અન્ય સમૂહ પણ જોવા મળ્યો હતો. જે ભાવનગર સિંહ માટે મહત્ત્વપૂર્ણ રહેણાંક સ્થળ બની ગયું હોવાનું દર્શાવે છે.



### અમરેલી જિલ્લામાં સિંહની વસ્તી કેમ વધી?

ગણતરીકાર અને ઓબ્ઝર્વર તરીકે સિંહ વસ્તી અંદાજની કામગીરીમાં સેવા આપનારા રેવતુભા રાયજાદાએ જણાવ્યું, અમરેલી જિલ્લામાં શેત્રુંજી કોરિડોર છે અને ખુલ્લા ખેતરો છે. માનવીની અવરજવર ખૂબ મર્યાદીત રહે છે તેથી આ વિસ્તાર સાવજોને અનુકૂળ આવી ગયો છે. આ ઉપરાંત કાંટાવાળો પ્રદેશ છે અને થોડો ડુંગર વિસ્તાર છે. બચ્ચાને જન્મ આપવા માટે તેઓ આવા સ્થળની જ પસંદગી કરે છે. અમરેલી જિલ્લામાં પહેલા વરૂની સંખ્યા વધારે હતી, જે ધીમે ધીમે નામશેષ થવા લાગ્યા અને નીલગાયની વસ્તી વધી છે. જેથી મારણ સહેલાઈથી મળી રહે છે. આ બધા પરિબળોના કારણે અમરેલી જિલ્લામાં સિંહની વસ્તી વધી છે.



# વધતા જતા કોરોના કેસને લઈ ગુજરાત આરોગ્ય વિભાગ સક્રિય

અમદાવાદ,તા.૨૧



ગુજરાતમાં કોરોનાના ૮ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સક્રિય થઈ ગયુ છે. ગુજરાતની હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરાઈ રહ્યા છે તો ઓક્સિજન ટેન્ક, પીપીઈ કીટ, વેન્ટિલેટર, દવાઓ સહિતની વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ અને ૨૦ હજારની બે ઓક્સિજન ટેન્ક તૈયાર રાખવામાં આવી છે. તો રાજકોટ સિવિલમાં ૨૦ બેડનો ખાસ વોર્ડ ઉભો કરાયો છે. વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૨૨ બેડનો આઈસોલેશન વોર્ડ તો સુરત સિવિલમાં જરૂર પડશે તો તાત્કાલિક વોર્ડ શરૂ કરવાની તૈયારી કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં કોરોનાના કુલ ૮ કેસ નોંધાયા છે. જેમાં આજે કડીમાં ૫૧ વર્ષીય પુરુષ કોરોના પોઝિટિવ આવ્યો છે. હાલમાં તેની તબિયત સ્થિર છે. તો અમદાવાદ શહેરમાં ગઈકાલે (૨૦ મે)ના રોજ ૭ કોરોનાના કેસ નોંધાયા હતા. જેમાં ૨ વર્ષની બાળકીથી લઈ અને ૭૨ વર્ષના વૃદ્ધા સુધીના લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. તમામ ૭ દર્દીઓ હાલમાં હોમ આઈસોલેશનમાં છે.

# અમરેલી સહિત ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

અમદાવાદ,તા.૨૧



હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા મુજબ હાલ પૂર્વ મધ્ય અરબ સાગરમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જે આગામી ૧૨ કલાકમાં લો પ્રેસર બનવાની અને તેના પછીના ૧૨ કલાકમાં ડિપ્રેશનમાં ફરે તેવું પૂર્વાનુમાન છે. જેના કારણે અમરેલી સહિત ગુજરાતના અલગ અલગ જિલ્લામાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં બે દિવસ છુટોછવાયો સામાન્ય વરસાદ રહેશે ત્યારબાદ વરસાદનું જોર વધવાની સંભાવના છે. ઉત્તર ગુજરાત ક્ષેત્રના જિલ્લાઓ જેમ કે સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વાવાઝોડા સાથે વીજળી અને સપાટી પર ૪૦- ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાત ક્ષેત્રના તમામ જિલ્લાઓ જેમ કે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં થોડા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.

# સૌરાષ્ટ્ર-ઉ.ગુજરાતને ૩૦ જૂન સુધી નર્મદાનું પાણી અપાશે

ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા.૩૦ જૂન ૨૦૨૫ સુધી નર્મદાનું ૩૦૬૮૯ MCFT પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારો માટે ફાળવવાનો નિર્ણય કર્યો છે. ઉત્તર ગુજરાત માટે નર્મદાનું ૧૪૫૩૯ MCFT અને સૌરાષ્ટ્ર માટે ૧૬૧૫૦ MCFT પાણી આપવામાં આવશે. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્ધવહન પાઈપલાઈન મારફતે ઉત્તર ગુજરાતના ૯૫૦થી વધુ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલથી આ પાણી પુરક સિંચાઈ અને પીવાના હેતુસર અપાશે. સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડવામાં આવશે. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની કુલ ૬૦ હજાર એકરથી વધુ ખેતીલાયક જમીનને નર્મદા જળથી સિંચાઈનો લાભ મળતો થશે. ૨૧ મે ૨૦૨૫ની સ્થિતિએ ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૧.૧૮ ટકા જ પાણીનો જથ્થો છે. જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૩૦.૭૩ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે સરદાર સરોવરમાં ૫૮.૨૫ ટકા પાણીનો જથ્થો છે. સરકારે અગાઉ કહ્યું હતું કે, પીવાનું પાણી અનામત રાખીને બાકીનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે આપવામાં આવશે.

# દાહોદમાં ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ થશે

ગાંધીનગર,તા.૨૧

ઓપરેશન સિંદૂર બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન ૨૬ અને ૨૭ મેએ ગાંધીનગર, કચ્છ અને દાહોદ એમ ત્રણ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. કચ્છના ભુજમાં મીરજાપર રોડ પર જાહેર સભા બાદ તેઓ માતાના મઢ આશાપુરા મંદિરના દર્શન કરશે. ઉલ્લેખનીય છે કે, દાહોદ ખાતે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટનું નિર્માણ થયું છે, જેમાં બનેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. દાહોદ ખાતે પીપીપી મૉડલ પર તૈયાર થયેલા રેલ કારખાનામાં ૧૦ વર્ષમાં ૧૨૦૦ એન્જિન તૈયાર કરવામાં આવશે અને ભવિષ્યમાં તેને દેશ-વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવશે. દાહોદમાં બનેલા લોકોમોટિવ એન્જિનને આગામી સમયમાં 100% મેઈક ઈન ઈન્ડિયાની તર્જ પર બનાવવામાં આવશે.

# અમદાવાદના ચંડોળા ડિમોલિશનમાં ધાર્મિક દબાણો તોડી પડાયા

અમદાવાદ,તા.૨૧



અમદાવાદના ચંડોળા ડિમોલિશન ફેઝ-૨ના બીજા દિવસે(૨૧ મે, ૨૦૨૫) વહેલી સવારથી જ ડિમોલિશનની શરૂઆત થઈ હતી. ચંડોળા તળાવમાં આવેલા ધાર્મિક સ્થાનોને તોડવાની શરૂઆત કરાઈ હતી. કાર્યવાહીને પગલે લોકોના ટોળા ઉમટતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૨૦ ધાર્મિક દબાણો અને ૫૦૦ જેટલા કાચા-પાકા મકાનો તૂટ્યાં હતા. ચંડોળા તળાવમાં ૯ નાની મોટી મસ્જિદ આવેલી છે. સિરાજ નગરમાં આવેલી સિરાજ મસ્જિદને વહેલી સવારે તોડી પાડવામાં આવી હતી. લલ્લા બિહારીના ફાર્મની બાજુમાં આવેલી અલી મસ્જિદને પણ તોડી પડાઈ છે.






# મુંબઈથી દારૂ વેચવા લાવેલી ૩ મહિલા સહિત ૭ લોકો ભાવનગરમાં ઝબ્બે

ભાવનગર,તા.૨૧

મુંબઈથી દારૂ લાવી શહેરમાં વેચવા લાવેલી ત્રણ મહિલા અને ચાર પુરૂષોને ભાવનગર એલસીબીએ રૂવાપરી રોડ ટેકરી ચોક વિસ્તારમાંથી ઉઠાવી લીધા હતા. કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા આડોડીયાવાસ વિસ્તારની ત્રણ મહિલા સહિત સાત લોકો પાસેથી દારૂ તથા કાર મળી પોલીસે રૂા.૪.૫૨ લાખનો જથ્થો જપ્ત કર્યો હતો. ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સફેદ કારમાં દારૂનો મોટો જથ્થો આડોડિયાવાસ લઈ જવાઈ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબી રૂવાપરી રોડ ટેકરી ચોક નજીક વોચમાં હતી. દરમિયાનમાં મોડી રાત્રે પસાર થઈ રહેલી સફેદ કલરની કાર નં. જીજે.૦૪. ડીજે.૫૪૦૫ પર શંકા જતાં તેને અટકાવી હતી, કારની તપાસ કરતા કારમાંથી ત્રણ મહિલા અને ચાર પુરૂષ મળી આવ્યા હતા. જયારે, કારની પાછળની સીટ તેમજ ડીકીમાં છૂપાવેલાં અલગ અલગ થેલામાંથી વિદેશી દારૂની ૭૩૦ બોટલ કિં. રૂ. ૧,૫૨,૭૫૦ મળી આવી હતી. પોલીસે દારૂ તેમજ કાર મળી કુલ રૂ.૪,૫૨,૭૫૦ના મુદ્દામાલ સાથે ભાવેશ ઉર્ફે જોની લક્ષ્મણભાઈ સુરેલા, તુષાર ઉર્ફે ભોદુ પ્રકાશભાઈ પરમાર, અભિષેક રાજેશભાઈ રાઠોડ, પ્રદિપ દીપકભાઈ રાઠોડ, જયશ્રીબેન દીપકભાઈ રાઠોડ, કાજલબેન કાતકભાઈ પરમાર અને ઉર્વશીબેન વિશાલભાઈ રાઠોડની ધરપકડ કરી હતી.


